ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/12-22/છ, તા. 1-3-2016 –થી મંજૂર

# સંગીત

## (તબલા)

## ધોરણ 11

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમના કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર — 382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
શ્રી ભૂપેન્દ્રભાઈ એચ. શાહ

**લેખન**
શ્રી રમેશ ભટ્ટ
કુ. સુભાંગીની મરાઠે
શ્રી સમ્યંક પારેખ
શ્રી મુંજાલ મહેતા

**સમીક્ષા**
શ્રી જીજ્ઞેશ ટિલાવત
શ્રી સંજય મહેતા

**ભાષાશુદ્ધિ**
ડૉ. પૂર્વી ઓઝા

**સંયોજન**
શ્રી ક્રિશ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-આયોજન**
શ્રી હરેશ એસ. લિંબાચિયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લિંબાચિયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 11, સંગીત (તબલા)** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**ડૉ. નીતિન પેથાણી**

નિયામક — કાર્યવાહક પ્રમુખ

તા. 01-03-2016 — ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2016
**પ્રકાશક :** નિયામક, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર
**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેનાં આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપંખીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ તથા જિજ્ઞાસા અને સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતા રહી, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 થી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

* ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા

## વિભાગ 1 (સૈદ્ધાંતિક)


| | | |
|---|---|---|
| 1. | તાલ-પરિચય | 1 |
| 2. | તાલ-વિસ્તાર | 6 |
| 3. | પારિભાષિક શબ્દો | 13 |
| 4. | વિવિધ ગાયનશૈલી | 18 |
| 5. | તબલાના વર્ણ | 21 |
| 6. | સાથ સંગત, સ્વતંત્ર તબલાવાદનની રીત, છંદ અને તાલની વિસ્તૃત નોંધ | 27 |
| 7. | બોલોની નિકાસ | 30 |
| 8. | જીવન-પરિચય | 32 |


## વિભાગ 2 (ક્રિયાત્મક)


| | | |
|---|---|---|
| 1. | તાલ-પરિચય | 36 |
| 2. | તાલ-ત્રિતાલ વાદન | 41 |
| 3. | તાલ-એકતાલનું વાદન | 46 |
| 4. | લગ્ગી | 49 |
| 5. | બોલ નિકાસ | 51 |
| 6. | વાદ્ય વર્ગીકરણ | 53 |
| 7. | સામાન્ય જ્ઞાન | 54 |

## શિક્ષકો માટે...

**ધોરણ 11, સંગીતના અભ્યાસક્રમમાં...**

(1) સંગીત કંઠ્ય (ગાયન) અને સ્વરવાદ્યના અભ્યાસક્રમ મુજબ આપેલ છે. જેમાંથી ક્રિયાત્મકના એકમમાં આપેલ કંઠ્યના વિદ્યાર્થીઓને કંઠ્યના (ગાયન) અને સ્વરવાદ્યના વિદ્યાર્થીઓને પોતાના સ્વરવાદ્ય પ્રમાણે ક્રિયાત્મક (પ્રાયોગિક) આ સાથેના અભ્યાસક્રમ મુજબ તૈયારી કરાવવાની રહેશે.

સૈદ્ધાંતિક વિષય કંઠ્ય (ગાયન) અને સ્વરવાદ્યના વિદ્યાર્થીઓ માટે સમાન (એકસરખો) રહેશે.

(2) સંગીત-તબલા અભ્યાસક્રમનું પુસ્તક અલગ રીતે તૈયાર કરવામાં આવ્યું છે. તે પ્રમાણે તાલવાદ્ય (તબલા)ના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાનો રહેશે. જેમાં વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમ મુજબ ક્રિયાત્મક (પ્રાયોગિક) અને સૈદ્ધાંતિક (શાસ્ત્ર)ની તૈયારી કરાવવાની રહેશે.

(3) સંગીત (કંઠ્ય) અને સંગીત (સ્વરવાદ્ય)ના વિદ્યાર્થીઓ માટે લેખિત પરીક્ષા ભાગ 1 રહેશે. જ્યારે સંગીત (તબલા)ના વિદ્યાર્થીઓ માટે ભાગ 2 રહેશે.

(4) પ્રશ્નપત્રમાં ભાગ 1 અને ભાગ 2 છાપવામાં આવશે.

(5) સંગીત કંઠ્ય, સ્વરવાદ્ય અને તબલાના અભ્યાસક્રમનું આયોજન વર્ગ દીઠ (પાંચ) ‘પાંચ’ તાસ (પિરિયડ)નું છે.

(6) આ પુસ્તકમાં ‘વિભાગ 1’ સૈદ્ધાંતિક (શાસ્ત્ર)નો જ્યારે ‘વિભાગ 2’માં ક્રિયાત્મક (પ્રાયોગિક)નો સમાવેશ કરવામાં આવ્યો છે. કંઠ્ય સંગીતના વિદ્યાર્થીઓને ક્રિયાત્મક (પ્રાયોગિક)માં ગાયનની (ગાવાની) તાલીમ આપવાની રહેશે. જેમાં આ પાઠ્યપુસ્તકમાં આપેલ બંદિશો અને આલાપ-તાન શીખવાડવાના રહેશે.

જ્યારે સ્વરવાદ્યના વિદ્યાર્થીઓએ તેમણે પસંદ કરેલા સ્વરવાદ્યની તૈયારી કરાવવાની રહેશે.

સ્વરવાદ્યના વિદ્યાર્થીઓએ નીચેના સ્વરવાદ્યમાંથી ગમે તે એક સ્વરવાદ્યનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.

(1) હાર્મોનિયમ (2) વાંસળી (3) સિતાર (4) સરોદ (5) વાયોલિન (6) દિલરૂબા (7) ગિટાર (8) મેન્ડોલિન

આ સ્વરવાદ્યોમાંથી ગમે તે એક સ્વરવાદ્યમાં પાઠ્યપુસ્તક આધારિત ગતની તૈયારી કરાવવાની રહેશે.

(7) આધુનિક સાધનોથી સજ્જ એવા અલગ સંગીત ખંડની જોગવાઈ હોવી ઇચ્છનીય છે. સંગીતના આધુનિક ઉપયોગી ઇલેક્ટ્રૉનિક ઉપકરણો જેવા કે, સ્વરપેટી, તાનપુરો, તાલયંત્ર, ડીવીડી પ્લેયર, માઇક્રોફોન, કી-બોર્ડ, રૅકોર્ડિંગ સિસ્ટમ, સીડી તેમજ વિવિધ તાલને લગતાં ઉપકરણો. સંગીત માટે આધુનિક સંગીતવિષયક લાયબ્રેરી અને અલાયદા વર્ગખંડની ભારતીય બેઠક સહિતની વ્યવસ્થા હોવી જરૂરી છે.

(8) વિદ્યાર્થી ભવિષ્યમાં રંગમંચ પર પ્રસ્તુતિ તરફ દૃષ્ટિ કેળવીને વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ કેળવાય, રિયાઝ દ્વારા નૈસર્ગિક મધુર કંઠ કેળવાય, સ્વર, રાગ, તાલનું જ્ઞાન મેળવી વિદ્યાર્થી રંગમંચ પર સંગીતની પ્રસ્તુતિ કરવાનું કૌશલ્ય કેળવી શકે, તે આ પાઠ્યપુસ્તકનો ઉદ્દેશ છે.

(9) વિદ્યાર્થી સંગીતની રસચેતનાનો અનુભવ કરે, આનંદ માણે, કદર કરે, તે ઉપરાંત પરંપરાગત લોકસંગીતના ઢાળ તેમજ સ્પષ્ટ ઉચ્ચારણો અને અવાજ કેળવે તથા શ્વાસોશ્વાસની વૈજ્ઞાનિક દૃષ્ટિ અને બૌદ્ધિક સમજ કેળવે અને વિશેષ કરીને એ વિદ્યાર્થીઓની રચનાત્મક (ક્રિએટિવ) શક્તિઓને યોગ્ય દિશાસૂચન મળે એ આ પાઠ્યપુસ્તકનો મુખ્ય હેતુ છે.

(10) ધોરણ 11 તબલા વિષયની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા શાળાકક્ષાએ લેવાની રહેશે.

•

## આ પાઠ્યપુસ્તક વિશે...

શિક્ષણનો અંતિમ ઉદ્દેશ માનવીના જ્ઞાન, ઉચ્ચતમ ભાવનાઓનો વિકાસ અને સંસ્કારોનું સિંચન કરવાનો છે. તદુપરાંત, સંગીતમાં તાલ પ્રત્યે અભિરુચિ કેળવાય, સંગીતમાં રસ ઉત્પન્ન થાય તે રીતે શિષ્ટ સંગીતની સમજ ધરાવતા સમાજનું નિર્માણ થાય, તે પણ છે.

સંગીતવિદ્યામાં તાલ એ સંગીતનો પ્રાણ છે. તાલ એ ગાયન, વાદન અને નૃત્યની સર્જનાત્મક કલાને જીવંત બનાવી, કલાકારની રંગમંચ પ્રસ્તુતિની સુંદરતામાં વધારો કરે છે અને રસજ્ઞ શ્રોતાઓના ચિત્તને પ્રસન્નતાથી ભરી દઈ આનંદ આપે છે. આવા તાલની સ્પષ્ટ અને વિસ્તૃત સમજ માટે વિદ્યાર્થી પ્રત્યક્ષ ગુરુ પાસે તાલીમ લઈ તાલના વિવિધ ઠેકા, માત્રા સાથે લયની સમજ સાથસંગત માટે કેળવે તે અત્યંત જરૂરી છે.

વહેતા સમયને લયથી બાંધવો એ તાલ. તાલ એ ગાયન, વાદન કે નૃત્યની ક્રિયામાં પ્રાણ પૂરી ગીતને ગતિ આપે છે. ભારતીય તાલવાદ્યોમાં ચામડાથી મઢેલાં વાદ્યો જેવા કે, પખવાજ, તબલા, ઢોલ, ઢોલક, નાલ વગેરેમાંથી નીકળતો ઘેરો અવાજ ગાયન-વાદનની ક્રિયામાં ભળી જઈ ક્રિયાને નિયંત્રિત કરી, કલાકારની કલ્પનાશક્તિમાં વધારો કરી, ઉત્સાહ વધારી શ્રોતાઓના મન-હૃદયને આનંદિત કરે એવું ખાસ વાતાવરણ ઉત્પન્ન કરવાની તાકાત ધરાવે છે.

ભારતીય સંગીતમાં તાલ એક અને એના સ્વરૂપ અનેક છે. ગાયન, વાદન અને નૃત્યક્રિયાની આંટીઘૂંટીમાં તાલ રચાય છે. તાલ રમે છે અને રમાડે છે. તાલમાં લયકારી ગણિત અને સમયના સૂક્ષ્મ ભાગની ગણતરી થાય છે. ભારતીય તાલની આ વિશેષતા છે. ભારતીય સંગીત સ્વરપ્રધાન છે જ્યારે વિદેશી સંગીત તાલપ્રધાન છે.

આ પુસ્તકમાં અવનદ્ધ વાદ્ય - તબલાનો પૂર્ણ પરિચય તથા તે વાદ્યોને કેવી રીતે વગાડવા તેની રીત, તેના વિવિધ ગુણો અને અલગ-અલગ માત્રાઓ અને બોલથી બનતા તાલ કેવી રીતે વાગે તેની સરળ અને શાસ્ત્રીય માહિતી આપી સમજાવવામાં આવ્યું છે.

તબલાવાદનને સમજવા માટે લય, તાલ, સમ, ખાલી, કાયદા, ટુકડા, રેલા, પરન વગેરે પારિભાષિક શબ્દોનો પરિચય અહીં ઉદાહરણસહિત આપવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓ તબલાવાદનની પ્રયોગલક્ષી પ્રવૃત્તિઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે કરશે તેવી અપેક્ષા સહ.

•

# વિભાગ 1 (સૈદ્ધાંતિક)

## 1 તાલ-પરિચય

**પ્રસ્તાવના**

સંગીતમાં સ્વર અને તાલ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. તબલાના વિદ્યાર્થીઓને અલગ અલગ માત્રાના તાલોની જાણકારી મેળવવી જરૂરી છે.જે આ એકમમાં જુદી જુદી માત્રાના તાલો દ્વારા જાણકારી પ્રાપ્ત થશે. તાલની જાણકારી સાથે સાથે એ તાલ કઈ ગાયન શૈલીમાં સંગત માટે ઉપયોગી થશે તેની વિશેષ જાણકારી આપવામાં આવી છે તેમજ દરેક તાલમાં આવતા બોલ દ્વારા ખબર પડશે કે આ તાલ ખુલ્લાબાજ એટલે કે પખાવજ પર વગાડવામાં આવે છે કે બંધબાજ એટલે કે તબલા પર વગાડવામાં આવે છે. આ બધી જ માહિતી આ એકમ દ્વારા મેળવી શકશો. તાલને અલગ અલગ લયમાં કેવી રીતે લખી શકાય તે જાણવું ખૂબ જ જરૂરી છે. એક માત્રામાં બે બોલ આવે તો દુગુન, ત્રણ બોલ આવે તો તિગુન, ચાર બોલ આવે તો ચૌગુન લય થાય. તો એ લયમાં આખો તાલ કેવી રીતે લખવામાં આવશે તેની જાણકારી આ એકમથી મેળવી શકાશે. અને લયનું જ્ઞાન પ્રાપ્ત થશે.

---

### (1) તાલ - એકતાલ

**માહિતી :**

આ તાલ ખ્યાલ અંગની ગાયકીમાં સાથસંગત કરવા માટે ખૂબ પ્રચલિત તાલ છે. આ તાલની રચના ખ્યાલ અંગની ગાયકીના જન્મ સાથે થઈ હશે. આ તાલને વિલંબિતલય, મધ્યલય તથા દ્રુતલય આ ત્રણે લયમાં ખૂબ જ સુંદરતાથી વગાડી શકાય છે. આ તાલમાં પેશકાર, કાયદા, ટુકડા, રેલા, પરન વગેરે વગાડી શકાય છે. આ તાલ સોલોવાદન અને સંગતમાં ઉપયોગી તાલ છે. આ તાલ બંધબાજમાં વગાડવામાં આવે છે.

માત્રા-12, વિભાગ-6, તાલી-1, 5, 9, 11 માત્રા પર, ખાલી-3, 7 માત્રા પર.

**મૂળ લય :**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
| ધીં | ધીં | ધાગે | તિરકિટ | તૂં | ના | ક | ત્તા | ધાગે | તિરકિટ | ધીં | ના | ધીં |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

**દુગુન લય :**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
| ધીંધીં | ધાગે તિરકિટ | તૂંના | કત્તા | ધાગેતિરકિટ | ધીંના | ધીંધીં | ધાગેતિરકિટ | તૂંના | કત્તા | ધાગેતિરકિટ | ધીંના | ધીં |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

**ચૌગુન લય :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | |
|---|---|---|---|---|---|---|
| ધીંધીંધાગેતિરકિટ | તૂંના કત્તા | ધાગેતિરકિટધીંના | ધીંધીંધાગેતિરકિટ | તૂંનાકત્તા | ધાગેતિરકિટધીંના | |
| X | | 0 | | 2 | | |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | |
| ધીંધીંધાગેતિરકિટ | તૂંના કત્તા | ધાગેતિરકિટધીંના | ધીંધીંધાગેતિરકિટ | તૂંનાકત્તા | ધાગેતિરકિટધીંના | ધીં |
| 0 | | 3 | | 4 | | X |

## (2) તાલ-રૂપક

**માહિતી :**

આ તાલનો ઉપયોગ સોલોવાદનમાં ખ્યાલ અંગની ગાયકીમાં તથા વાદ્ય સંગીત જેવા કે સિતાર, વાયોલિન વગેરેની ગતોમાં સંગત કરવામાં થાય છે. આજકાલ ભજનસંગીત, ગઝલ તેમજ ભાવસંગીત જેવા પ્રકારોમાં સંગત કરવામાં ઉપયોગી તાલ માનવામાં આવે છે. સોલોવાદનમાં પેશકાર, કાયદા, ટુકડા, રેલા, પરન વગેરે આ તાલમાં વગાડવામાં આવે છે. આ તાલમાં શાસ્ત્રના નિયમ પ્રમાણે ખાલી આવતી નથી પરંતુ ક્રિયાત્મક દૃષ્ટિથી આ તાલની શરૂઆત ''તીં'' શબ્દથી થાય છે એટલે લોકો મોટે ભાગે ખાલી માને છે એટલે આ તાલની પહેલી માત્રા પર તાલી અને ખાલી બંનેના ચિહ્ન કરવામાં આવે છે.

**મૂળ લય :**

માત્રા-7, વિભાગ-3, તાલી : 1, 4, 6 માત્રા પર.

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| તીં | તીં | ના | ધીં | ના | ધીં | ના | તીં |
| ⓧ | | | 2 | | 3 | | ⓧ |

**દુગુન લય :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| તીંતીં | નાધીં | નાધીં | ના,તીં | તીંના | ધીંના | ધીંના | તીં |
| ⓧ | | | 2 | | 3 | | ⓧ |

**ચૌગુન લય :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| તીંતીંનાધીં | નાધીંનાતીં | તીંનાધીંના | ધીંના,તીંતીં | નાધીંનાધીં | નાતીંતીંના | ધીંનાધીંના | તીં |
| ⓧ | | | 2 | | 3 | | ⓧ |

**નોંધ :** આ તાલ બંધબાજમાં વગાડવામાં આવે છે.

## (3) તાલ-ચૌતાલ

**માહિતી :**

ચારતાલ અથવા ચૌતાલ પખાવજ વાદ્યનો મુખ્ય તાલ માનવામાં આવે છે. આ તાલનો ઉપયોગ ધ્રુપદ અંગની ગાયકીમાં સંગત માટે કરવામાં આવે છે. આ તાલનાં તાલી, ખાલી તથા વિભાગ એકતાલની જેમ સરખા છે. આ તાલમાં પખાવજ પર સોલોવાદન પણ કરવામાં આવે છે. આ તાલના બોલ ખુલ્લા અને જોરદાર છે. આ તાલમાં પરન, રેલા, તિહાઈ વગેરે વગાડવામાં આવે છે.

માત્રા-12, વિભાગ-6, તાલી-1, 5, 9, 11 માત્રા પર, ખાલી-3, 7 માત્રા પર.

**મૂળ લય :**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
| ધા | ધા | દિં | તા | કિટ | ધા | દિં | તા | તિટ | કતા | ગદિ | ગન | ધા |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

**દુગુન લય :**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
| ધાધા | દિંતા | કિટધા | દિંતા | તિટકતા | ગદિગન | ધાધા | દિંતા | કિટધા | દિંતા | તિટકતા | ગદિગન | ધા |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

**ચૌગુન લય :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| ધાધાદિંતા | કિટધાદિંતા | તિટકતાગદિગન | ધાધાદિંતા | કિટધાદિંતા | તિટકતાગદિગન |
| X | | 0 | | 2 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | |
| ધાધાદિંતા | કિટધાદિંતા | તિટકતાગદિગન | ધાધાદિંતા | કિટધાદિંતા | તિટકતાગદિગન | ધા |
| 0 | | 3 | | 4 | | X |

## (4) તાલ-દીપચંદી

**માહિતી :**

આ તાલનો ઉપયોગ ઠુમરી ગાયન તથા હોરી, ચૈતી, કજરી વગેરે ગાયનપ્રકારોમાં સંગત માટે કરવામાં આવે છે. આ તાલમાં સોલોવાદન કરવામાં આવતું નથી એટલે આ તાલમાં પેશકાર, કાયદા, પરન વગેરે વગાડવામાં આવતા નથી પરંતુ નાના-નાના બોલોના મોહરા, મુખડાનો જ ક્યારેક ઉપયોગ કરવામાં આવે છે. આ તાલ બંધબાજનો તાલ છે.

માત્ર-14, વિભાગ-4, તાલી-1, 4, 11 માત્રા પર, ખાલી-8 માત્રા પર.

**મૂળ લય :**

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 1 |
| ધા | ધીં | ઙ | ધા | ધા | તીં | ઙ | તા | તિં | ઙ | ધા | ધા | ધીં | ઙ | ધા |
| X | | | 2 | | | | 0 | | | 3 | | | | X |

**દુગુન લય :**

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 1 |
| ધાધીં | ઙધા | ધાતીં | ઙતા | તીંઙ | ધાધા | ધીંઙ | ધાધીં | ઙધા | ધાતીં | ઙતા | તીંઙ | ધાધા | ધીંઙ | ધા |
| X | | | 2 | | | | 0 | | | 3 | | | | X |

- **ચૌગુન લય :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| ધાધીંઙધા | ધાતીંઙતા | તીંઙધાધા | ધીંઙધાધીં | ઙધાધાતીં | ઙતાતીંઙ | ધાધાધીંઙ |
| X | | | 2 | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 1 |
| ધાધીંઙધા | ધાતીંઙતા | તીંઙધાધા | ધીંઙ, ધાધીં | ઙધાધાતીં | ઙતાતીંઙ | ધાધાધીંઙ | ધા |
| 0 | | | 3 | | | | X |

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) તાલ એકતાલનો ઉપયોગ કઈ ગાયકીમાં વધુ થાય છે ?

(2) તાલ એકતાલમાં કેટલી તાલી અને કેટલી ખાલી આવે છે ?

(3) તાલ રૂપકમાં બે-બે માત્રાના કેટલા વિભાગ છે ?

(4) તાલ ચૌતાલને કયા વાદ્ય પર વગાડવામાં આવે છે ?

(5) તાલ ચૌતાલ કયા બાજમાં વગાડવામાં આવે છે ?

(6) તાલ દીપચંદીની કેટલી માત્રા છે ?

(7) તાલ દીપચંદીનો ઉપયોગ કઈ ગાયકીમાં વધુ થાય છે ?

(8) ખુલ્લા બાજમાં કયો તાલ વગાડવામાં આવે છે ?

(9) તાલ રૂપક કયા બાજમાં વગાડવામાં આવે છે ?

**2. સાચા જવાબ સામે ✔ ટીક કરો :**

(1) તાલ એકતાલને કયા બાજમાં વગાડવામાં આવે છે ?

(A) બંધ બાજ (B) ખુલ્લા બાજ (C) નૃત્ય બાજ (D) લોકસંગીત બાજ

(2) તાલ રૂપકને કયા વાદ્ય પર વગાડવામાં આવે છે ?

(A) પખાવજ (B) ઢોલ (C) નાળ (D) તબલા

(3) તાલ ચૌતાલનો ઉપયોગ કઈ ગાયકીમાં વધુ થાય છે ?

(A) ધમાર (B) ઠુમરી (C) ધ્રુપદ (D) તરાના

(4) તાલ ચૌતાલમાં કેટલી તાલી આવે છે ?

(A) બે (B) ચાર (C) એક (D) ત્રણ

(5) તાલ દીપચંદીમાં ખાલી કઈ માત્રા પર આવે છે ?

(A) ચાર (B) એક (C) આઠ (D) અગિયાર

●

# 2 તાલ-વિસ્તાર

આ એકમ દ્વારા વિદ્યાર્થીઓને ક્રિયાત્મક અભ્યાસક્રમમાં આવતા વિવિધ તાલો જેવા કે એકતાલ, રૂપક, ચૌતાલ, દીપચંદી આ તાલોમાં કાયદા, પલ્ટા, તિહાઈ, ટુકડા, રેલા, ચક્રધાર વગેરે પ્રકારોને તાલના ખંડ પ્રમાણે કેવી રીતે લખવા તેનું જ્ઞાન પ્રાપ્ત થશે. એટલે તાલના ખંડમાં રહીને ચક્રધાર કે ટુકડા બનાવવાનો પણ અભ્યાસ થશે.

## સૈદ્ધાંતિક

### (1) તાલ – રૂપક, માત્રા - 7

**કાયદો**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાડતીરકિટ | ધાતીરકિટધા | ગેનાધાગે | તિંનાકિના | |
| ⊗ | | | 2 | | 3 | | |
| તાગેતિટ | તાકેતિરકિટ | તિંનાકિના | ધાડતિરકિટ | ધાતિરકિટધા | ગેનાધાગે | ધિંનાગીના | તીં |
| ⊗ | | | 2 | | 3 | | 0 |

**પલ્ટા-1**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાધાતિરકિટ | ધાતીરકિટધા | ગેનાધાગે | તિંનાકિના |
| ⊗ | | | 2 | | 3 | |
| તાગેતિટ | તાકેતિરકિટ | તિંનાકિના | ધાધાતિરકિટ | ધાતિરકિટધા | ગેનાધાગે | ધિંનાગીના |
| ⊗ | | | 2 | | 3 | |

**પલ્ટા-2**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધાગેતિટ | ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાતિરકિટધા | ગેનાધાગે | તિંનાકિના |
| ⊗ | | | 2 | | 3 | |
| તાકેતિટ | તાકેતિટ | તાકેતિરકિટ | ધિંનાગીના | ધાતિરકિટધા | ગેનાધાગે | ધિંનાગીના |
| ⊗ | | | 2 | | 3 | |

**પલ્ટા-3**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાગેતિટ | ધાતિરકિટધા | ગેનાધાગે | તિંનાકિના |
| ⊗ | | | 2 | | 3 | |
| તાકેતિટ | તાકેતિરકિટ | તિંનાકિના | ધાગેતિટ | ધાતિરકિટધા | ગેનાધાગે | ધિંનાગીના |
| ⊗ | | | 2 | | 3 | |

**તિહાઈ**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાઽતીઽ | ધાઽઽઽ | ધાગેતિટ | ધાગેતિરકિટ | |
| Ⓧ | | | 2 | | 3 | | |
| ધિંનાગીના | ધાઽતીઽ | ધાઽઽઽ | ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાઽતીઽ | તીં |
| Ⓧ | | | 2 | | 3 | | 0 |

**ટુકડો**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધિટધિટ | ધાગેતિટ | ક્ધેતિટ | ધાગેતિટ | કતિટત | ગેનધિત્ત | ધાગેતિટ | |
| Ⓧ | | | 2 | | 3 | | |
| તગેઽન્ન | ધાઽતાઽ | ધાઽતગે | ઽન્નધા | તાઽધાઽ | તગેઽન્ન | ધાઽતાઽ | તીં |
| Ⓧ | | | 2 | | 3 | | 0 |

**રેલા**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધાઽતિર | કિટતક | તિરકિટ | ધાઽતિર | કિટતક | તાઽતિર | કિટતક | |
| Ⓧ | | | 2 | | 3 | | |
| તાઽતિર | કિટતક | તિરકિટ | ધાઽતિર | કિટતક | ધાઽતિર | કિટતક | તિં |
| Ⓧ | | | 2 | | 3 | | 0 |

**ચક્રધાર પરન**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| તિરકિટધેત્ | તિરકિટધેત્ | તગેઽન્ન | ધાઽતાઽ | ધાઽતિઽ | ધ઼ઽઽન્ન | તાઽધાઽ |
| Ⓧ | | | 2 | | 3 | |
| ધાઽકિટતક | ધાતીગેના | ધાતીગેના | ધાઽઽઽ | તકધિડ઼ાઽન | ધાધીંના | ધાતીંના |
| Ⓧ | | | 2 | | 3 | |
| ધાઽઽઽ | તકધિડ઼ાઽન | ધાધીંના | ધાતીંના | ધાઽઽઽ | તકધિડ઼ાઽન | ધાધીંના |
| Ⓧ | | | 2 | | 3 | |
| ધાતીંના | ધાઽઽઽ | ઽઽઽઽ | તિરકિટધેત્ | તિરકિટધેત્ | તગેઽન્ન | ધાઽતાઽ |
| Ⓧ | | | 2 | | 3 | |
| ધાઽતિઽ | ધ઼ઽઽન્ન | તાઽધાઽ | ધાઽકિટતક | ધાતીગેન | ઘાતીગેન | ધાઽઽઽ |
| Ⓧ | | | 2 | | 3 | |
| તકધિડ઼ાઽન | ધાધીંના | ધાતીંના | ધાઽઽઽ | તકધિડ઼ાઽન | ધાધીંના | ધાતીંના |
| Ⓧ | | | 2 | | 3 | |
| ધાઽઽઽ | તકધિઽાઽન | ધાધીંના | ધાતીંના | ધાઽઽઽ | ઽઽઽઽ | તિરકિટધેત્ |
| Ⓧ | | | 2 | | 3 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| તિરકિટધેત્ | તગેડન્ન | ધાડતાડ | ધાડતિડ | ધડ્ડન્ન | તાડધાડ | ધાડકિટતક | |
| ⊗ | | | 2 | | 3 | | |
| ધાતિગેના | ધાતિગેના | ધાડડડ | તકધિડ઼ાડન | ધાધીંના | ધાતીંના | ધાડડડ | |
| ⊗ | | | 2 | | 3 | | |
| તકધિડ઼ાડન | ધાધીંના | ધાતીંના | ધાડડડ | તકધિડ઼ાડન | ધાધીંના | ધાતીંના | તિં |
| ⊗ | | | 2 | | 3 | | 0 |

## (2) તાલ-એકતાલ માત્રા-12

**કાયદો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગિના | ધાગેનધા | તિટધાગે | તિંનાકિના | |
| X | | 0 | | 2 | | |
| તાકેતિટ | તાકેતિરકિટ | તિંનાકિના | ધાગેનધા | તિટધાગે | ધિંનાગીના | ધીં |
| 0 | | 3 | | 4 | | X |

**પલ્ટો-1**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ધાગેતિટ | તિટધાગે | ધિંનાગિના | ધાગેનધા | તિટધાગે | ધિંનાગિના |
| X | | 0 | | 2 | |
| ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાગેનધા | તિટધાગે | તિંનાકિના |
| 0 | | 3 | | 4 | |
| તાકેતિટ | તિટતાકે | તિંનાકિના | તાકેનતા | તિટતાકે | તિંનાકિના |
| X | | 0 | | 2 | |
| ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાગેનધા | તિટધાગે | ધિંનાગીના |
| 0 | | 3 | | 4 | |

**પલ્ટો-2**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ધાગેનધા | તિટધાગે | ધિંનાગીના | ધાગેનધા | તિટધાગે | ધીંનાગીના |
| X | | 0 | | 2 | |
| ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાગેનધા | તિટધાગે | તિંનાકિના |
| 0 | | 3 | | 4 | |
| તાકેનતા | તિટતાકે | તિંનાકિના | તાકેનતા | તિટતાકે | તિંનાકિના |
| X | | 0 | | 2 | |
| ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાગેનધા | તિટધાગે | ધિંનાગીના |
| 0 | | 3 | | 4 | |

**પલ્ટો-3**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધાગેતિટ | ડડધાગે | ધિંનાગીના | ધાગેનધા | તિટધાગે | ધિંનાગીના | |
| X | | 0 | | 2 | | |
| ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાગેનધા | તિટધાગે | તિંનાકિના | |
| 0 | | 3 | | 4 | | |
| તાકેતિટ | ડડતાકે | તિંનાકિના | તાકેનતા | તિટતાકે | તિંનાકિના | |
| X | | 0 | | 2 | | |
| ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાગેનધા | તિટધાગે | ધિંનાગીના | |
| 0 | | 3 | | 4 | | |

**તિહાઈ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધાડડડ | ડડધાગે | તિટધાગે | |
| X | | 0 | | 2 | | |
| તિરકિટધીંના | ગીનાધાડ | ડડડડ | ધાગેતિટ | ધાગેતિરકિટ | ધિંનાગીના | ધીં |
| 0 | | 3 | | 4 | | X |

**ટુકડા**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| દિંતિર | કિટતક | નાતિર | કિટતક | ત્તિતિર | કિટતક | |
| X | | 0 | | 2 | | |
| તાતિર | કિટતક | ઘિરઘિર | કિટતક | તિરકિટ | તકતાડ | |
| 0 | | 3 | | 4 | | |
| તિરકિટ | ધાડતીડ | ધાડડડ | તિરકિટ | તકતા | તિરકિટ | |
| X | | 0 | | 2 | | |
| ધાડતીડ | ધાડડડ | તિરકિટ | તકતા | ત્તિરકિટ | ધાડતીડ | ધીં |
| 0 | | 3 | | 4 | | X |

**રેલા**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ધાડતિર | ઘિડનગ | તિરકિટ | ઘિરઘિર | ઘિડનગ | તિરકિટ |
| X | | 0 | | 2 | |
| તાડતિર | કિડનગ | તિરકિટ | ઘિરઘિર | ઘિડનગ | તિરકિટ |
| 0 | | 3 | | 4 | |

**ચક્રધાર પરન**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કતકધિ | કિટધાગે | તિટકતા | ગદિગન | ધાડતીડ | ધાડગેના | |
| X | | 0 | | 2 | | |
| ધડ઼ડન્ન | તાડધાડ | કિટતકતિરકિટ | તકતકતિરકિટ | ધાડતીડ | ધાડગેના | |
| 0 | | 3 | | 4 | | |
| ધાડડડ | ધાડતીડ | ધાડગેના | ધાડડડ | ધાડતીડ | ધાડગેના | |
| X | | 0 | | 2 | | |
| ધાડડડ | ડડડડ | ડડડડ | કતકધિ | કિટધાગે | તિટકતા | |
| 0 | | 3 | | 4 | | |
| ગદિગન | ધાડતીડ | ધાડગેના | ધડડન્ન | તાડધાડ | કિટતકતિરકિટ | |
| X | | 0 | | 2 | | |
| તકતકતિરકિટ | ધાડતીડ | ધાડગેના | ધાડડડ | ધાડતીડ | ધાડગેના | |
| 0 | | 3 | | 4 | | |
| ધાડડડ | ધાડતીડ | ધાડગેના | ધાડડડ | ડડડડ | ડડડડ | |
| X | | 0 | | 2 | | |
| કતકધિ | કિટધાગે | તિટકતા | ગદિગન | ધાડતીડ | ધાડગેના | |
| 0 | | 3 | | 4 | | |
| ધડડન્ન | તાડધાડ | કિટતકતિરકિટ | તકતકતિરકિટ | ધાડતીડ | ધાડગેના | |
| X | | 0 | | 2 | | |
| ધાડડડ | ધાડતીડ | ધાડગેના | ધાડડડ | ધાડતીડ | ધાડગેના | ધીં |
| 0 | | 3 | | 4 | | X |

## (3) તાલ-ચૌતાલ-માત્ર-12

**તિહાઈ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| તિટકત | ગદિગન | ધાડડડ | ડડડડ | ડડડડ | તિટકત | |
| X | | 0 | | 2 | | |
| ગદિગન | ધાડડડ | ડડડડ | ડડડડ | તિટકત | ગદિગન | ધીં |
| 0 | | 3 | | 4 | | X |

● **ટુકડો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| તિરકીટ | ધેડતૂડ | તિરકિટ | ધેડતૂડ | ધિટ | ધિટ | |
| X | | 0 | | 2 | | |
| ધાગે | તિટ | ક્ધા | તિટ | ધાગે | તિટ | |
| 0 | | 3 | | 4 | | |
| ગદિ | ગન | નાગે | તિટ | ગદિ | ગન | |
| X | | 0 | | 2 | | |
| ધા | ગદિ | ગન | ધા | ગદિ | ગન | ધા |
| 0 | | 3 | | 4 | | X |

**પરન**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધાડકિટ | તકધૂમ | કિટતક | ધિડત્તા | કિટધેડ | ડધા | |
| X | | 0 | | 2 | | |
| તિટકતા | ગદિગન | ધાડડડ | ડડડતા | ધાડકિટ | ધિડત્તાડ | |
| 0 | | 3 | | 4 | | |
| ધાડધૂમ | કિટતક | ધાડતાડ | ધાડકિટ | ધિડત્તાડ | ધાડધૂમ | |
| X | | 0 | | 2 | | |
| કિટતક | ધાડતાડ | ધાડકિટ | ધિડતાડ | ધાડધૂમ | કિટતક | ધા |
| 0 | | 3 | | 4 | | X |

**રેલા**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધાડકિટ | તકધૂમ | કિટતક | ધૂમકિટ | તકધાડ | કિટતક | |
| X | | 0 | | 2 | | |
| તાડકિટ | તકધૂમ | કિટતક | ધૂમકિટ | તકધાડ | કિટતક | ધા |
| 0 | | 3 | | 4 | | X |

## (4) તાલઃ- દિપચંદી, માત્રા-14

આ તાલનો ઉપયોગ ઠુમરી અંગમાં થતો હોવાથી એમાં કાયદા પલ્ટા વગાડવામાં આવતા નથી પરંતુ આ તાલમાં રેલા, લગ્ગી વગાડવામાં આવે છે.

**રેલા**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધા | ધિડનગ | તિરકિટ | ધાડતિર | કિટતક | તાડતિર | કિટતક | |
| X | | | 2 | | | | |
| તા | કિડનગ | તિરકિટ | ધાડતિર | કિટતક | ધાડતિર | કિટતક | ધા |
| 0 | | | 3 | | | | X |

**લગ્ગી**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (1) | ધા | ધિંના | ગિના | ધા | ધા | ધિંના | ગિના | |
| | X | | | 2 | | | | |
| | તા | તિંના | કિના | ધા | ધા | ધિંના | ગિના | ધા |
| | 0 | | | 3 | | | | X |
| (2) | ધાતી | ધાધા | તિંના | ધાતિ | ધાતિ | ધાધા | તિંના | |
| | X | | | 2 | | | | |
| | તાતિ | તાતા | તિંના | ધાતિ | ધાતિ | ધાધા | ધિંના | ધા |
| | 0 | | | 3 | | | | X |

**સ્વાધ્યાય**

**1. ટૂંકમાં જવાબ આપો :**

(1) તાલ એકતાલની કેટલી માત્રા છે ?

(2) તાલ રૂપકના કેટલા વિભાગ છે ?

(3) તાલ ચૌતાલ કયા વાદ્ય પર વગાડવામાં આવે છે ?

(4) તાલ દિપચંદીમાં કેટલા વિભાગ છે ?

**2. સાચા જવાબ સામે ✓ ટીક કરો :**

(1) તાલ એકતાલ કઈ ગાયન શૈલીમાં વધુ ઉપયોગી છે ?

(A) ઠુમરી (B) ધમાર (C) ધ્રુપદ (D) ખ્યાલ

(2) તાલ રૂપકને કયા વાદ્ય પર વગાડવામાં આવે છે ?

(A) ઢોલક (B) ડમરૂ (C) તબલા (D) પખાવજ

(3) તાલ ચૌતાલ કયા બાજનો તાલ છે ?

(A) ખુલ્લાબાજ (B) બંધબાજ

(4) તાલ દિપચંદીમાં શું વગાડવામાં આવે છે ?

(A) તિહાઈ (B) લગ્ગી (C) પરન (D) ટુકડા

●

# 3 પારિભાષિક શબ્દો

**પ્રસ્તાવના**

પારિભાષિક શબ્દોની વ્યાખ્યા અંતર્ગત આ એકમમાં ગત, પરન, ચક્રધાર, ત્રિપલ્લી, ચૌપલ્લી, મુખડા, મોહરા, લગ્ગી, નૌહક્કા જેવા તબલાવાદન કલાને લગતા વિવિધ શબ્દોની સમજ ઉદાહરણ સાથે આપવામાં આવી છે. કોઈ પણ વિદ્યાર્થી આ શબ્દો ના જાણે તો તબલાવાદન કલા વિકસાવી ના શકે. ભજન, ગઝલ કે સુગમસંગીત સાથે સંગત કરતા કલાકારો સારામાં સારી સંગત કરી શકે પરંતુ તબલાવાદન કલાની વિદ્યા હાંસલ કરવા આ શબ્દો તથા શબ્દ મુજબની રચનાની જાણકારી આવશ્યક છે. આ એકમમાં તે જણાવવાનો પ્રયાસ કરેલ છે.

---

**પારિભાષિક શબ્દોની વ્યાખ્યા :**

**(1) ગત :** ‘ગત’નો ઉપયોગ સ્વતંત્ર તબલાવાદનમાં ખૂબ જ થાય છે. અલગ-અલગ પ્રકારનાં બોલસમૂહને ભેગા કરી અને એકવાર ‘ભરી’ તથા બીજી વખત ખાલીથી વગાડવામાં આવે છે. ગત તિહાઈ સાથે અથવા તો તિહાઈ વગરની હોય છે અને તેના પ્રસ્તારની સંભાવનાં ખૂબ ઓછી હોય છે. જુદા જુદા ઘરાનામાં જુદા જુદા પ્રકારની ગત હોય છે અને તેની વિશેષતા પણ અલગ હોય છે. ગતોના નામ પણ અલગ અલગ હોય છે.

**ઉદાહરણો :** દુપલ્લી ગત, ત્રિપલ્લી ગત, ચૌપલ્લી ગત, દર્જેની ગત, દુધારી ગત, તીધારી ગત વગેરે.

**ઉદાહરણો : ગત ત્રિતાલ (ફરૂખાબાદ ઘરાના)**

| | | | | |
|---|---|---|---|---|
| ધાતીધાડ | ધાતીગીન | ધીંનાગીના | ધાતીધાડ | |
| X | | | | |
| કડધેતધે | તેટગીન | ધાતીગીન | ધીનાંગીના | |
| 2 | | | | |
| તા-કીટતક | તા-કીટતક | તાતીરકીટતક | તાતીરકીટતક | |
| 0 | | | | |
| તીરકીટતકતા | તીરકીટધાતી | ધાગેનધા | તીધાગેન | |
| 3 | | | | |
| તાતીતાડ | તાતાકીન | તીંનાકીના | તાતીતાડ | |
| X | | | | |
| કડતેત્તે | તેટ કીન | તાતીકીન | તીંનાકીના | |
| 2 | | | | |
| તાડકીટતક | તાડકીટતક | ધાતીરકીટતક | ધાતીરકીટતક | |
| 0 | | | | |
| તીરકીટતકતા | તીરકીટધાતી | ધાગેનધા | તીધાગેન | ધા |
| 3 | | | | X |

**(2) પરન :** પરન શબ્દ પખાવજ સાથે સંકળાયેલો છે. પરનમાં મુખ્યત્વે જોરદાર ખુલ્લા બોલોનો સમાવેશ હોય છે. પરનની ખાસિયતમાં એક તો તેના બોલો જોડીમાં વાગતા જોવા મળે છે અને તિહાઈ સાથેની આ રચના દ્રુત લયમાં વધુ સુંદર લાગે છે. તેની રચનામાં મુખ્યત્વે ધેતધેત્, ધાગેતીટ તાગેતિટ, કડધેતીટ વગેરે ખુલ્લા બોલ જોવા મળે છે.

**ઉદાહરણ : તાલ-ત્રિતાલમાં પરન**

| | | | | |
|---|---|---|---|---|
| ધીટધીટ | ધાગેતીટ | કડધેતીટ | ધાગેતીટ | |
| X | | | | |
| કડધેતીટ | કડધેતીટ | કડધેતીટ | ધાગેતીટ | |
| 2 | | | | |
| કડધેતીટ | ધાગેતીટ | ધા | કડધેતીટ | |
| 0 | | | | |
| ધાગેતીટ | ધા | કડધેતીટ | ધાગેતીટ | ધા |
| 3 | | | | X |

**(3) ચક્રધાર :** ચોક્કસ બોલસમૂહની રચના જે તિહાઈ સાથે રજૂ કરતાં સમ ઉપર અંતિમ "ધા" આવે આવી રચનાને ચક્રધાર કહેવામાં આવે છે.

ચક્રધારનાં ત્રણ પ્રકાર હોય છે : (1) સાદી ચક્રધાર (2) ફરમાયશી ચક્રધાર (3) કમાલી ચક્રધાર.

**તાલ-ત્રિતાલમાં "સાદી ચક્રધાર"**

| | | | |
|---|---|---|---|
| ધાડધાડ | દીંડદીંડ | નાડનાડ | તીટતીટ |
| X | | | |
| કતીટધા | તીટકત | કતીટધા | તીટકત |
| 2 | | | |
| કતીટધા | તીટકત | ધા | ધાડધાડ |
| 0 | | | |
| દીંડદીંડ | નાડનાડ | તીટતીટ | કતીટધા |
| 3 | | | |
| તીટકત | કતીટધા | તીટકત | કતીટધા |
| X | | | |

| | | | | |
|---|---|---|---|---|
| તીટકત | ધા | ધાડધાડ | દીંડદીંડ | |
| 2 | | | | |
| નાડનાડ | તીટતીટ | કતીટધા | તીટકત | |
| 0 | | | | |
| કતીટધા | તીટકત | કતીટધા | તીટકત | ધા |
| 3 | | | | X |

**(4) ત્રિપલ્લી :** જે "ગત"માં ત્રણ ભાગ હોય અને ત્રણ લયમાં વાગતી હોય એટલે કે તીગુન, ચૌગુન, છગુનમાં વાગતી રચનાને ત્રિપલ્લી કહેવામાં આવે છે, જેમાં ત્રણ લય હોવી જરૂરી છે.

**તાલ-ત્રિતાલ ત્રિપલ્લી :**

**ઉદાહરણ :**

| | | | | |
|---|---|---|---|---|
| કીતધે | તેટકત | ગદીગન | ધાત્રકધે | |
| X | | | | |
| તેટેકતા | ગદીગન | ધાડતીડ | ધાડકત | |
| 2 | | | | |
| ઘેતેટકતાગ | દીગનધાત્રક | ઘેતેટકતાગ | દીગનધાડતી | |
| 0 | | | | |
| ધાડકતધે | તેટેકતાગદીગન | ધાત્રકધેતેટકતા | ગદીગનધાતી | ધા |
| 3 | | | | X |

**(5) ચૌપલ્લી :** જે "ગત"માં ચાર ભાગ હોય તેવી રચનાને ચૌપલ્લીગત કહેવાય છે.

**તાલ-ત્રિતાલમાં ચૌપલ્લી :**

**ઉદાહરણ :**

| | | | | |
|---|---|---|---|---|
| તીડ | ટક | ડતા | ગડ | |
| X | | | | |
| દીગ | ડન | ધાડ | તીટ | |
| 2 | | | | |
| કતા | ગદી | ગન | ધાડ | |
| 0 | | | | |
| તીટકતા | ગદીગન | ધાડડ | તીટકતાગદીન | ધા |
| 3 | | | | X |

**(6) મુખડા :** ઠેકો શરૂ કર્યા બાદ ઠેકાનાં મૂળબોલ છોડી અને અન્ય બોલ વગાડી સમ બતાવવામાં આવે તેને 'મુખડુ' કહેવામાં આવે છે.

**ઉદાહરણ : મુખડુ-ત્રિતાલ :**

| | | | | |
|---|---|---|---|---|
| ધા | ધીં | ધીં | ધા | |
| X | | | | |
| ધા | ધીં | ધીં | ધા | |
| 2 | | | | |
| ધા | તીં | તીં | તા | |
| 0 | | | | |
| તાકેતીંના | કીટતકતા-તીર | કીટતકતીરકીટ | તકતા-તીરકીટ | ધા |
| 3 | | | | X |

**(7) મોહરા :** ઠેકો શરૂ કરતાં પહેલાં જ નાના પરંતુ ચોક્કસ બોલસમૂહ વગાડીને 'સમ' બતાવવામાં આવે તેને મોહરા કહેવાય છે.

| 15 | 16 | | | | | |
|---|---|---|---|---|---|---|
| કડાન તીરકીટ | તકતાડ તીરકીટ | ધા | ધીં | ધીં | ધા | |
| | | X | | | | |
| | | ધા | ધીં | ધીં | ધા | |
| | | 2 | | | | |
| | | ધા | તીં | તીં | તા | |
| | | 0 | | | | |
| | | તા | ધીં | ધીં | ધા | ધા |
| | | 3 | | | | X |

**(8) લગ્ગી :** દાદરા, કહેરવા જેવા તાલોમાં કાયદાની માફક વાગતી રચના કે જેનો પ્રસ્તાર કરવામાં આવતો નથી તેને લગ્ગી કહેવાશે. તેનો અધિક વિસ્તાર ના કરતા ઉલટપુલટ કરી વગાડવામાં આવે છે. લગ્ગી ચૌગુન તથા અઠગુનમાં વગાડવામાં આવે છે.

ઉદાહરણ કહેરવા તાલમાં લગ્ગી :

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (1) | ધા | તીં | ના | ડા | તા | ધીં | ના | ડા |
| | X | | | | 0 | | | |
| (2) | ધી | ડ | તા | તા | કી | ડ | ધા | તા |
| | X | | | | 0 | | | |

**(9) નૌહક્કા :** કોઈ પણ તિહાઈ અથવા રચનાને ત્રણ વખત વગાડીને અંતિમ "ધા" સમ ઉપર આવે અને તેમાં 9 "ધા" આવે તેને "નૌહક્કા" કહેવાય છે. અહીં નૌહક્કા તિહાઈ રજૂ કરેલ છે.

**તાલ-ત્રિતાલમાં નૌહક્કા તિહાઈ :**

**ઉદાહરણ :**

| | | | | |
|---|---|---|---|---|
| ગદીગન | ધાઽગદી | ગનધાઽ | ગદીગન | |
| X | | | | |
| ધાઽઽઽ | ઽઽઽઽ | ગદીગન | ધાઽગદી | |
| 2 | | | | |
| ગનધાઽ | ગદીગન | ધાઽઽઽ | ઽઽઽઽ | |
| 0 | | | | |
| ગદીગન | ધાઽગદી | ગનધાઽ | ગદીગન | ધા |
| 3 | | | | X |

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) ચક્રધાર કેટલા પ્રકારની હોય છે ?

(2) નૌહક્કાની વ્યાખ્યા ઉદાહરણ સહિત જણાવો.

(3) કહેરવા તાલમાં બે લગ્ગી લિપિબદ્ધ કરો.

(4) પરનની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત જણાવો.

**2. માંગ્યા પ્રમાણે લખો :**

(1) તાલ ત્રિતાલમાં એક દુપલ્લી ગત બનાવો જેમાં બે પ્રકારની લયનો પ્રયોગ કરવામાં આવે છે.

(2) તાલ ત્રિતાલમાં આપેલ પરનના જેવા બીજા બોલનો ઉપયોગ કરીને પરન બનાવો.

(3) તાલ ત્રિતાલમાં એક સાદી ચક્રધાર બનાવો.

(4) તાલ ત્રિતાલમાં બે માત્રાના બે મુખડા બનાવો.

(5) તાલ દાદરામાં બે અલગ અલગ લગ્ગી લખો.

(6) તાલ કહરવામાં બે અલગ અલગ લગ્ગી લખો.

(7) તાલ ત્રિતાલમાં એક નૌહક્કા ઉદાહરણમાં આપેલ બોલમાં અલગ બોલનો ઉપયોગ કરી બનાવો.

•

| 4 | # વિવિધ ગાયનશૈલી |
|---|---|

**પ્રસ્તાવના**

ઉત્તર હિન્દુસ્તાની સંગીતમાં ગાયન, વાદન અને કથ્થક નૃત્યમાં ખાસ કરીને તબલા વાદ્યનો ઉપયોગ થાય છે. શાસ્ત્રીય સંગીતમાં ખ્યાલ ગાયન, ઠુમરી, ટપ્પા, તરાના ત્રિવટ, ચતરંગ, દાદરા વગેરે ગાયન શૈલીઓમાં તબલા વાદ્યનો ઉપયોગ થાય છે. આ ઉપરાંત તબલાનું એકલ વાદન પણ કરવામાં આવે છે.

એક સારા તબલાવાદક બનવા માટે ગાયનની વિવિધ શૈલીઓની જાણકારી હોવી આવશ્યક છે. માટે આ એકમમાં ખ્યાલ, ધ્રુપદ, ધમાર, ઠુમરી જેવી ગાયનશૈલીઓની વિસ્તૃત જાણકારી આપવામાં આવી છે. આ શૈલીઓથી માહિતગાર બની તેની સાથે કેવી રીતે તબલાસંગત કરી શકાય ? તે આ એકમનો હેતુ છે.

---

**(1) ખ્યાલ :** ખ્યાલ એ ફારસી ભાષાનો શબ્દ છે, જેનો અર્થ થાય છે 'કલ્પના.' કલ્પનાશક્તિને આધારે જે ગીતની રચના કરવામાં આવે, તેને 'ખ્યાલ' કહે છે. બીજી વ્યાખ્યા આ રીતે પણ આપી શકાય કે 'ગીતનો એવો પ્રકાર કે જેમાં રાગના નિયમોનું પાલન કરીને આલાપ, તાન, બોલતાન અને તાલથી સજાવીને ગાયક પોતાની ભાવનાઓની અભિવ્યક્તિ કરે, તો તેને 'ખ્યાલ' કહે છે.

ખ્યાલનો આવિષ્કાર 15મા સૈકામાં જૌનપુરના સુલ્તાન હુસૈન શર્કીએ કર્યો એવું માનવામાં આવે છે. એ સમયે ધ્રુપદ-ધમાર ગાયકીનું વધારે પ્રાધાન્ય હતું. ધ્રુપદ ગાયન કરતાં ખ્યાલ ગાયન હલકી કોટિનું મનાતું હતું, પરંતુ, 18મા સૈકામાં મુગલ બાદશાહ મુહમ્મદશાહ રંગીલેના રાજગાયકો સદારંગ અને અદારંગ ખ્યાલ ગાયનને વધારે પ્રચારમાં લાવ્યા. તેમણે હજારો ખ્યાલોની રચના કરી અને પોતાના શિષ્યોને શિખવાડીને તેનો પ્રચાર-પ્રસાર કર્યો. સદારંગ-અદારંગ પછી મનરંગ, હરરંગ, દિલરંગ અને કુંવરશ્યામ વગેરેએ ખ્યાલોની રચના કરી તેના પ્રચાર-પ્રસારનું કામ આગળ વધાર્યું.

ખ્યાલ ગાયન એવી શૈલી છે જેમાં ગાયક ગીતને વિભિન્ન આલાપ, તાન, ખટકા, મૂર્કી, મીંડ, અલંકારો વગેરેથી સજાવીને એક નવું ચઢિયાતું મનોહર રૂપ પ્રદાન કરે છે. ખ્યાલમાં સ્વરોની સ્થિરતા અને ચપળતા બંને ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. કેટલાક સંગીતજ્ઞો ખ્યાલમાં ગમકનો પ્રયોગ પણ કરે છે. ખ્યાલમાં સ્વર ચમત્કૃતિ અને સ્વર સૌંદર્ય પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. ખ્યાલમાં શૃંગારરસ વિશેષ જોવા મળે છે.

ખ્યાલના બે પ્રકાર છે : (I) બડાખ્યાલ (II) છોટાખ્યાલ.

**(I) બડાખ્યાલ :** વિલંબિત લયમાં ગવાતા ખ્યાલને 'બડાખ્યાલ' કહે છે. આ ગાયન સાથે વાદ્ય તરીકે તબલાનો પ્રયોગ થાય છે. બડા ખ્યાલ એ વિલંબિત એકતાલ, વિલંબિત તિલવાડા, વિલંબિત ઝૂમરા, વિલંબિત ત્રિતાલ, વિલંબિત આડા ચૌતાલ વગેરે તાલોમાં ગાવામાં આવે છે. બડાખ્યાલમાં શબ્દો ખૂબ ઓછા હોય છે. ખ્યાલના બે વિભાગ હોય છે : (1) સ્થાયી અને (2) અંતરા. કેટલાક સંગીતજ્ઞો બડાખ્યાલ પૂર્વે વિસ્તારમાં આલાપ કરે છે. ત્યારબાદ બડાખ્યાલની સ્થાયી અંતરા ગાયા પછી તેમાં આલાપ, બોલ આલાપ, તાન, બોલતાન લેવામાં આવે છે.

**(II) છોટાખ્યાલ :** મધ્યલય અને દ્રુતલયમાં ગવાતા ખ્યાલને 'છોટાખ્યાલ' કહે છે. છોટાખ્યાલ ગીતની રચના બડાખ્યાલની જેમ જ સંક્ષિપ્ત હોય છે. તેમાં પણ સ્થાયી અને અંતરા એમ બે વિભાગ હોય છે. આ ગીતોમાં શૃંગાર અને કરુણરસ વિશેષ જોવા મળે છે. છોટાખ્યાલની પ્રકૃતિ મહદ્અંશે ચપળ હોય છે. છોટાખ્યાલ એ ત્રિતાલ, એકતાલ, ઝપતાલ, રૂપક, આડાચૌતાલ વગેરે તાલોમાં ગાવામાં આવે છે. છોટાખ્યાલમાં પણ બડાખ્યાલની જેમ આલાપ, બોલ-આલાપ, સરગમ, કણ, મીંડ, ખડકા, મૂર્કી, બરાબરની તાન, અલંકારીક તાનો, બોલતાનો વગેરે લેવામાં આવે છે.

**(2) ધ્રુપદ :** ધ્રુપદ એ ઉત્તર હિન્દુસ્તાની સંગીતનો એક પ્રાચીન ગીતપ્રકાર છે. ધ્રુપદનો આવિષ્કાર ક્યારે અને કોણે કર્યો એ નિશ્ચિત કહી શકાતું નથી. આ વિશે વિદ્વાનોમાં ઘણા મત-મતાંતર છે. અધિકાંશ વિદ્વાનોનું માનવું છે કે પંદરમી શતાબ્દીમાં ગ્વાલિયરના રાજા માનસિંહ તોમરે આની રચના કરી. પરંતુ ઘણા વિદ્વાનો એમ માને છે કે ધ્રુપદ ગાયન પંદરમી શતાબ્દી પહેલાં પ્રચલિત હતું. આ બધા મતમતાંતરોનો વિચાર કરીને એવું કહી શકાય કે ધ્રુપદ ગાયનનો આવિષ્કાર પંદરમી શતાબ્દીની આગળ-પાછળ થયો હોવો જોઈએ.

પ્રાચીનકાળમાં આપણા ઋષિમુનિઓ સંસ્કૃતના શ્લોકો ગાઈને ભગવાનની આરાધના કરતા હતા. ધીમે ધીમે આમાં પરિવર્તન આવતા ધ્રુપદ શૈલીનો જન્મ થયો હોય એવું માની શકાય, કેમ કે ધ્રુપદમાં પણ ઈશ્વરભક્તિ સ્તુતિ, પરમાત્માની લીલાઓ અને મહાયોદ્ધાઓના પરાક્રમોનું વર્ણન હોય છે. અકબર બાદશાહના સમયમાં જેટલા ઉચ્ચ કોટિના ગાયક હતા તે બધા ધ્રુપદ ગાયક હતા. આ ગાયકોમાં સ્વામી હરિદાસ, તાનસેન, બૈજુ બાવરા, ચિંતામણિ મિશ્ર, નાયક ગોપાલ વગેરે પ્રસિદ્ધ હતા. તેમણે રચેલ અનેક ધ્રુપદ આજે પણ સાંભળવા મળે છે. વર્તમાન સમયમાં ડાંગર બંધુઓ, બહેરામ ખાં, ગુંડેચા બંધુઓ વગેરે વિશેષ છે.

વર્તમાન સમયમાં ધ્રુપદ એક ગંભીર અને વીરરસપ્રધાન જોરદાર ગાયન માનવામાં આવે છે. ધ્રુપદના ગીતો મુખ્યત્વે હિન્દી, ઉર્દુ અને વ્રજ ભાષામાં સાંભળવા મળે છે. આ એક મર્દાની અવાજનું ગાયન છે. આમાં વીર, શૃંગાર અને શાંતરસ મુખ્ય છે. ધ્રુપદના ચાર ભાગ જોવા મળે છે. (1) સ્થાયી (2) અંતરા (3) સંચારી (4) આભોગ. ધ્રુપદ અધિકતમ ચૌતાલ, સુલતાલ, ઝંપા, તીવ્રા, બ્રહ્મતાલ, રુદ્રતાલ વગેરે તાલોમાં ગાવામાં આવે છે. ધ્રુપદગાયન સાથે પખાવજ જેવા ગંભીર વાદ્યની સંગતિ કરવામાં આવે છે.

ધ્રુપદમાં સર્વપ્રથમ નોમ્‌તોમ્‌ના આલાપ કરવામાં આવે છે. આલાપના ચાર અંગ હોય છે. આલાપ ત્રીજા અંગમાં લયબદ્ધ થાય ત્યારે તેની ગતિ વધતી જાય છે. આ જ સ્થાનથી તેમાં ગમકોનો પ્રયોગ શરૂ થાય છે. ધ્રુપદમાં ખટકા અથવા સપાટ તાનોનો પ્રયોગ થતો નથી. આલાપ પછી ધ્રુપદના ચારેય ભાગ ગાવામાં આવે છે. ધ્રુપદમાં લયકારીનું વિશેષ મહત્ત્વ છે. પ્રાચીનકાળમાં ધ્રુપદની ચાર વાણીઓ (શૈલીઓ) હતી : (1) ગોબરહાર વાણી (શુદ્ધ વાણી) (2) ખંડહાર વાણી (3) ડાગુર વાણી (4) નૌહાર વાણી.

છેલ્લા દોઢસો વર્ષથી ધ્રુપદ ગાયનનો પ્રચાર ઓછો થઈ ગયો છે. આ ગાયન વર્તમાન સમયમાં વૈષ્ણવોની ''હવેલી સંગીત'' પરંપરામાં જળવાયેલું જોવા મળે છે.

**(3) ધમાર :** ધમારને 'હોરી' કે 'હોલી' ગીત પણ કહેવામાં આવે છે. એટલે કે જ્યારે 'હોરી' નામના ગીતને ધમાર તાલમાં ગાવામાં આવે, ત્યારે તેને 'ધમાર' કહેવામાં આવે છે. ધમારગાયનમાં મોટે ભાગે ફાગણ માસમાં ગવાતી વ્રજની હોળીનું વર્ણન હોય છે તેમ જ કેસૂડા, ગુલાબના રંગો અને પિચકારી દ્વારા હોળી રમતાં કૃષ્ણ, રાધા અને ગોપીઓનું વર્ણન હોય છે.

ધમારગાયનની શરૂઆતમાં ધ્રુપદની જેમ જ નોમ્-તોમ્‌ના આલાપ કરી ગીત શરૂ કરવામાં આવે છે. ત્યારબાદ તેમાં દુગુન, તિગુન, ચૌગુન, ગમક વગેરેનો પ્રયોગ કરવામાં આવે છે. ધ્રુપદની જેમ જ આ ગીતપ્રકાર ગંભીર અને જોરદાર છે. હાલમાં આ ગીતપ્રકાર 'હવેલીસંગીત' તરીકે ઓળખાય છે અને તે વૈષ્ણવોના મંદિરોમાં ગવાય છે. આ ગાયન સાથે વાદ્ય સંગીતમાં મૃદંગ અથવા પખાવજનો ઉપયોગ થાય છે. અકબર બાદશાહના સમયમાં ધમારગાયનના ઉચ્ચ કોટિના ગાયકોમાં સ્વામી હરિદાસ, તાનસેન, બૈજુ બાવરા, ચિંતામણિ મિશ્ર વગેરે પ્રસિદ્ધ હતા.

**(4) ઠુમરી :** ઠુમરી ગાયનના આવિષ્કારના વિષયમાં કશું સ્પષ્ટ કહી શકાતું નથી. કેટલાક વિદ્વાનોનું એવું કહેવું છે કે આનો આવિષ્કાર લખનઉમાં થયો અને તેનો આવિષ્કાર ગુલામનબીએ કર્યો હતો, પરંતુ પ્રાપ્ય લિખિત દસ્તાવેજો પ્રમાણે ઠુમરીનો ઉદ્‌ભવ 16મી અથવા 17મી સદીની આસપાસમાં થયો હોવાનું માનવામાં આવે છે. ઠુમરીનો સંબંધ પ્રાચીન ગીતપ્રકાર 'ચર્ચરી પ્રબંધ' અથવા 'હલ્લીસક ગીતિ' સાથે છે તેવું પણ માનવામાં આવે છે. તો કેટલાકના મતે ઠુમરીનો ઉદ્‌ભવ ઉત્તર ભારતીય લોકગીતો ખાસ કરીને ગંગા-જમુના નદીઓની વચ્ચેના પ્રદેશોના લોકગીતોમાંથી થયો હોવાનું જણાય છે.

"ઠુમરી" હિન્દી ભાષાના શબ્દ 'ઠુમક' પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ થાય છે 'આકર્ષક લચકતી ચાલ.' આમ, તેનો સાહિત્યિક અર્થ જોઈએ તો આકર્ષક, કામુક, સુમધુર, તાલબદ્ધ સંગીતની ચાલ કહી શકાય. લખનઉના અંતિમ નવાબ વાજિદ અલી શાહે સો વર્ષ પહેલાં ઠુમરીને પ્રોત્સાહન આપી તેને વિશેષ લોકપ્રિય બનાવી હતી. તેઓ સ્વયં ઠુમરીના ગાયક હતા અને 'અખ્તરમિયાં'ના ઉપનામથી અનેક ઠુમરીઓની રચના કરી હતી.

ઠુમરી એ ગીતનો એવો પ્રકાર છે કે જેમાં રાગની શુદ્ધતાની તુલનાએ ભાવ અને સૌંદર્યને વધારે મહત્ત્વ આપવામાં આવે છે. તેની પ્રકૃતિ ચપળ અને દ્રુત હોય છે. ઠુમરી ગાયનના પણ બે વિભાગ હોય છે : (1) સ્થાયી (2) અંતરા. ક્ષુદ્ર પ્રકૃતિના રાગો જેવા કે-કાફી, ખમાજ, તિલક કામોદ, તિલંગ, ઝિંઝોટી, બરવા, માંડ, ભૈરવી વગેરેમાં ગાવામાં આવે છે. ઠુમરીમાં શૃંગાર રસની પ્રધાનતા જોવા મળે છે. ઠુમરીમાં મુખ્યત્વે રાધા-કિષ્ણની પ્રેમલીલાઓનું વર્ણન, પ્રિય-પ્રિયતમાનું વિરહ વર્ણન અથવા નખશિખ વર્ણનો જોવા મળે છે. ઠુમરી ગાયન મુખ્યત્વેની હિન્દીની ઉપભાષાઓ-પ્રાદેશિક ભાષાઓ જેવી કે અવધી, ભોજપુરી, મિર્જાપુરી વગેરેમાં જોવા મળે છે.

ઠુમરી ગાયનમાં લખનઉ, બનારસ અને પંજાબ – આ ત્રણેય પ્રદેશો પોતાની અલગ-અલગ વિશિષ્ટતાઓ ધરાવે છે તેથી જ ઠુમરીના ત્રણ પ્રકાર પડે છે : (1) બનારસી (2) લખનવી (3) પંજાબી. બનારસ અંગની ઠુમરીમાં શબ્દોની બઢત ધીરે ધીરે લોચદાર સ્વરસમૂહો દ્વારા થાય છે. બનારસની ઠુમરીમાં વિયોગ વ્યથાની પરાકાષ્ઠા જોવા મળે છે. લખનવી ઠુમરીમાં કામુક્તા અને રુમાનિયતને અટપટી રીતે મૃદુતાપૂર્વક અંગોના હાવભાવને સ્પષ્ટ કરે છે. જ્યારે પંજાબ અંગની ઠુમરીઓમાં કોમળ-તીવ્ર બધા મળીને બારેય સ્વરોની નાની-નાની પેચદાર તાનો અને મુર્કીઓનો વધુ પ્રયોગ કરવામાં આવે છે.

વર્તમાન સમયમાં ઠુમરી ગાયન વધારે પ્રચારમાં જોવા મળે છે. પ્રસિદ્ધ ઠુમરી ગાયકોમાં બેગમ અખ્તર, રસુલનબાઈ, સિદ્ધેશ્વરી દેવી, શોભા ગુર્ટુ, ગિરીજા દેવી, બડી મોતીબાઈ, મહાદેવ મિશ્રા, પં. છન્નુલાલ મિશ્ર વગેરે વિશેષ છે.

આ ગાયકીમાં દાદરા, કહેરવા, ધુમાળી, દીપચંદી, જત અધ્ધા જેવા તાલોનો વધુ ઉપયોગ કરવામાં આવે છે. તેમ જ ગાયનમાં સ્થાયી પછી અંતરામાં જતી વખતે લયને વધારી તેમાં લગ્ગીનો ઉપયોગ કરી બઢત કરવામાં આવે છે. અહીં તબલાવાદક લગ્ગીનો ઉપયોગ કરી ગાયનની શોભા વધારે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) ખ્યાલ ગાયનનો આવિષ્કાર કોણે કર્યો ?

(2) ખ્યાલની વ્યાખ્યા જણાવો.

(3) ધ્રુપદ ગાયન સાથે તાલવાદ્ય તરીકે કોની સંગત કરવામાં આવે છે ?

(4) ધમાર તાલનો ઉપયોગ કઈ ગાયકીમાં થાય છે ?

(5) ઠુમરી સાથે વગાડવામાં આવતા કોઈ પણ ત્રણ તાલની જાણકારી આપો.

**2. ખાલી જગ્યા પૂરો :**

(1) ખ્યાલ ગાયનને પ્રચારમાં ........... અને ............ રાજગાયકો લાવ્યા.

(2) ખ્યાલના ......... પ્રકાર છે.

(3) ધ્રુપદ ગાયન સાથે ........... બાજનો તાલ વગાડવામાં આવે છે.

(4) ધમાર ગાયનમાં મુખ્યત્વે .............નું વર્ણન હોય છે.

●

| 5 | # તબલાના વર્ણ |
|---|---|

**પ્રસ્તાવના**

આ એકમ તબલાના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ મહત્ત્વનું છે. આ એકમમાં તબલાના વર્ણ કેટલા અને દરેક વર્ણ ને કેવી રીતે તબલા પર વગાડવામાં આવે છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે, જે ખૂબ જરૂરી છે. બોલ એના નિશ્ચિત સ્થાન પર વગાડવામાં આવે તો જ તબલા પર અવાજ સ્પષ્ટ સાંભળવામાં આવે છે, જેની માહિતી આ એકમ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે.

**તબલાના દસ વર્ણની વિસ્તૃત જાણકારી**

**તબલાના દસ વર્ણ :**

તબલાના વિદ્યાર્થીઓને તબલા શીખતાં પહેલાં તબલાના વર્ણો એટલે કે તબલાના મૂળાક્ષરોની જાણકારી હોવી અત્યંત જરૂરી છે. જેવી રીતે આપણે કોઈ ભાષા શીખીએ તો વ્યાકરણની જરૂરિયાત હોય છે તેવી જ રીતે વર્ણની જાણકારી હોવી જરૂરી છે.

**તબલા પર વગાડવામાં આવતા વર્ણો :**

(1) તા અથવા ના (2) તિ અથવા તિં

(3) દિં અથવા થૂં (4) તે અથવા તિં

(5) તૂ (6) તે અથવા ટે

**બાંયા પર વગાડવામાં આવતા વર્ણો :**

(7) ઘે અથવા ગે (8) ક, કો કે, કત

**બંને હાથથી વગાડવામાં આવતા વર્ણો :**

(9) ધા (10) ધિં

**તબલાના અક્ષરોને વગાડવાની રીત :**

તબલામાં બાંયા અને દાંયા બંને મળીને 24 અક્ષરો વગાડી શકાય છે, જેમાં 20 અક્ષર દાંયા (તબલા) પર અને 4 અક્ષર બાંયા (ડગ્ગા) પર વગાડી શકાય છે.

(1) દાંયા (તબલા)ના શબ્દ : ત, થ, દ, ન, ટ, ડ, ન, ત્ર, ર, લ


(2) બાંયા (ડગ્ગા)ના શબ્દ : ક, ગ, ઘ, ધ

જ્યારે ઉપર્યુક્ત શબ્દોમાં માત્રાઓ લગાવવાથી એનું સ્વરૂપ બદલાઈ જાય છે. જેમ કે - રિ, દિ, ધુ, તિ, તૂ, ના, ટે

હવે ઉપર્યુક્ત શબ્દોને તબલા પર વગાડવાની પદ્ધતિ જાણીએ.

**(1) બાંયા (ડગ્ગા) પર વગાડાતા બોલ :**







**કે/કે/કિ :**

ડગ્ગા પર ડાબા હાથની બધી આંગળીઓથી સ્યાહી પર હાથ મૂકી વગાડવાથી ''ક'' તથા હાથને ગોળાકાર કરી સ્યાહીથી ઉપર હાથથી વગાડવાથી ''કે/કિ'' શબ્દનો અવાજ નીકળશે.


**(2) ઘે/ઘિ/ગે/ગી :**





આ બધા બોલ બાંયા પર ગોળાકાર હાથ મૂકીને સ્યાહીની ઉપરના ભાગ પર આઘાતથી બધાં જ બોલ નો અવાજ નીકળશે.


**(1) દાંયા (તબલા) પર વગાડાતા બોલ :**



**ત, તા, ન, ના, ડા :**


આ બધાં જ બોલ તબલા પર જમણા હાથની પહેલી આંગળીથી ચીંટી પર વગાડવાથી બધાં જ બોલનો અવાજ નીકળશે.

**(2) તીં/તૂ :**




આ બોલ તબલા પર જમણા હાથની પહેલી આંગળીની સ્યાહી પરના કિનારી પર વગાડવાથી તીં/તૂ શબ્દનો અવાજ નીકળશે.

**(3) તિ/તે :**




આ બોલ તબલા પર જમણા હાથની બીજી આંગળીથી સ્યાહીની વચમાં વગાડવાથી ''તિ/તે'' શબ્દનો અવાજ નીકળશે.

**(4) ટ (તિટ) ત/ર :**




આ બોલ તબલા પર જમણા હાથની પહેલી આંગળીથી સ્યાહીની પર વગાડવાથી (તિર)/ત/ર આ શબ્દનો અવાજ નીકળશે.

**(5) ટ (તિરકીટ) :**




આ બોલ તબલા પર જમણા હાથની ત્રીજી આંગળીથી સ્યાહી પર વગાડવાથી "ટ" શબ્દ જે 'તિરકીટ'માં આવે છે તેનો અવાજ નીકળશે.

**(6) કત્/ત, તત્ :**




આ બોલ તબલા પર જમણા હાથની બીજી અને ત્રીજી આંગળી એક સાથે તબલાની સ્યાહી પર વગાડવાથી કત્ત, તત્નો અવાજ નીકળશે.

**(7) તક્ :**




તબલા પર જમણા હાથની ચારે આંગળીઓ ભેગી કરી સ્યાહી પર વગાડવાથી તક્નો અવાજ નીકળશે.

**(8) દિ :**




આ બોલ તબલા પર જમણા હાથનો પૂરો પંજો સ્યાહી પર વગાડવાથી ''દિ'' શબ્દનો અવાજ નીકળશે.

**(9) ડ, ન :**




આ બોલને તબલા પર જમણા હાથની ત્રીજી આંગળીથી સ્યાહી પર વગાડવામાં આવે છે. જે ''ગીડ્નગ'', ''ધિન્ધિંના'' આ પ્રકારના બોલોમાં ત્રીજી આંગળીનો ઉપયોગ કરવામાં આવે છે.

**(10) ત્ર :**



આ બોલ તબલા પર જમણા હાથની પહેલી બે આંગળીથી સ્યાહી પર વગાડવાથી ''ત્ર''નો અવાજ નીકળી શકે છે.

**(11) ડાન્/રાન્ :**





આ બોલ તબલા પર જમણા હાથની આંગળીથી તબલાની સ્યાહી પર ''ગીડાન'' અથવા ''ગીંતરાન'' જેવા બોલ વગાડતી વખતે ડાન/રાન શબ્દનો અવાજ નીકળી શકશે.

## બંને હાથથી વગાડવામાં આવતા બોલ



**દાંયા તથા બાંયાના સંયુક્ત વર્ણ :**

**(1) ''ધા'' :**



શબ્દ બંને હાથને તબલા અને બાંયા પર મૂકીને તબલા પર પહેલી આંગળીથી ચાંટી પર અને ડગ્ગા પર હાથને ગોળાકાર રાખીને બંને હાથથી એક સાથે વગાડવાથી ''ધા'' શબ્દ નીકળશે.

**(2) ધિં :**

બંને હાથને પહેલાંની જેમ તબલા પર મૂકીને તબલા પર સ્યાહી અને ચાંટી વચ્ચે પહેલી આંગળીથી અને ડગ્ગા પર પૂરા પંજાની બે આંગળીથી એકસાથે વગાડવાથી ''ધિં'' શબ્દનો અવાજ નીકળશે.

**(3) ધિ/ધેત્ :**

આ બોલ જમણા હાથથી તબલા પર બીજી અને ત્રીજી આંગળી સ્યાહી પર અને બાંયા પર બીજી અને ત્રીજી આંગળીથી બંને હાથે એકસાથે વગાડવાથી ધિ/ધેત્ શબ્દનો અવાજ નીકળશે.

**સ્વાધ્યાય**

**1. સાચા જવાબ સામે √ ટીક કરો :**

(1) તબલાના મૂળ વર્ણ કેટલા છે ?

(A) 10 (B) 24 (C) 28 (D) 15

(2) જમણા હાથથી તબલા પર કેટલા વર્ણ વગાડી શકાય છે ?

(A) 4 (B) 6 (C) 8 (D) 10

(3) ડાબા હાથથી બાંયા પર કેટલા વર્ણ વગાડી શકાય છે ?

(A) 2 (B) 4 (C) 5 (D) 8

(4) બંને હાથથી કેટલા વર્ણ વગાડી શકાય છે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 5

(5) જમણા અને ડાબા હાથથી એટલે કે દાંયા અને બાંયા પર ભેગા મળીને કેટલા બોલ વગાડી શકાય છે ?

(A) 14 (B) 24 (C) 34 (D) 25

**2. સાચા જવાબ સામે √ ટીક કરો :**

(1) ''તા'' શબ્દ તબલા પર કઈ આંગળીથી વગાડવામાં આવે છે ?

(A) મધ્યમા (B) તર્જની (C) અનામિકા (D) કનિષ્ઠકા

(2) ''તૂં'' શબ્દ તબલા પર કઈ જગ્યા પર વગાડવામાં આવે છે ?

(A) ચાંટી (B) સ્યાહી (C) મૈદાન (D) ગજરો

(3) બંને હાથથી કયો શબ્દ (બોલ) વગાડવામાં આવે છે ?

(A) ના (B) ધા (C) દિં (D) તૂં

**3. તબલાનું ચિત્ર દોરી તબલાનાં અંગોનું વર્ણન કરો :**

**નોંધ :** હાથની પહેલી આંગળીને તર્જની, બીજી આંગળીને મધ્યમાં, ત્રીજી આંગળીને અનામિકા, ચોથી આંગળીને ''કનિષ્ઠિકા'' તથા અંગૂઠાને અંગુષ્ઠ કહેવામાં આવે છે. પરંતુ અહીં વિદ્યાર્થીઓને સુવિધા માટે આંગળીના નંબર આપવામાં આવ્યા છે.

●

# 6 | સાથ સંગત, સ્વતંત્ર તબલાવાદનની રીત, છંદ અને તાલની વિસ્તૃત નોંધ

**પ્રસ્તાવના**

સંગીત એક એવો વિષય છે જેમાં સૈદ્ધાંતિક અને ક્રિયાત્મક બંને પાસાની જરૂરિયાત સમાયેલી છે, જેમાં વાંચન પણ ખૂબ જરૂરી છે. આ એકમમાંથી વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયો દ્વારા સંગીતની સમજ આપવામાં આવી છે. જેમાં સંગીતમાં ગાયન-વાદન અને નૃત્યમાં સંગીતમાં સાથ સંગતની ખૂબ જ જરૂરિયાત હોય છે. સંગત સારી રીતે આવડે તો જ સંગીતના કાર્યક્રમોમાં શ્રોતાઓને આનંદ પ્રાપ્ત થાય. તો સંગીતના વિવિધ પાસાઓની સમજ અને સંગતનું મહત્ત્વ આ એકમથી જાણી શકાશે. તેમજ એકલ તબલાવાદનમાં કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું, રજૂઆત કરતી વખતે ક્રમબદ્ધ રીતે પેશકાર, કાયદા, પલટા, રેલા, મુખડા, ટુકડા, પરન વગેરે ક્યારે વગાડવું જેથી એકલવાદન થી પણ શ્રોતાઓને આનંદ મળે અને કલાકારની ઓળખ બને તે વિશેની વિસ્તૃત જાણકારી આ એકમ દ્વારા પ્રાપ્ત થશે. સાથે તાલને સાહિત્ય સાથેનો સંબંધ છે તો જાણવા માટે જેમ પદ્યમાં વિવિધ પ્રકારના છંદનો ઉપયોગ થાય છે તે રીતે તાલની ભાષામાં તથા તેના ઉદ્‌ભવસ્થાનમાં ક્યો છંદ સમાયેલ છે તેની પણ જાણકારી તેમજ કેટલા પ્રકારના છંદ હોય છે જેની વિસ્તૃત જાણકારી આ એકમ દ્વારા પ્રાપ્ત થશે.

---

**(1) સંગીતમાં સાથ-સંગતનું મહત્ત્વ :**

આ વિષયમાં "ગાયન, વાદન, નૃત્ય" સાથે સાથ-સંગતનું શું મહત્ત્વ છે અને તબલાવાદકની ભૂમિકાઓ શું છે તે દર્શાવ્યું છે.

**(2) સ્વતંત્ર તબલા વાદનની રીત :**

આ વિષયમાં સ્વતંત્ર તબલાવાદન અલગ-અલગ ઘરાનામાં કઈ રીતે કરવું તથા કરવામાં આવે છે તેની માહિતી આપવામાં આવી છે.

**(3) છંદ અને તાલ :**

આ વિષયમાં છંદ અને તાલની વ્યાખ્યા તથા છંદનો તાલમાં શું ઉપયોગ છે તથા તબલાવાદનમાં છંદશાસ્ત્રનો કેટલો ઉપયોગ થઈ શકે તેની નોંધ લખવામાં આવી છે.

**(1) સંગીતમાં સાથ-સંગતનું મહત્ત્વ :** તબલાવાદકની મુખ્યત્વે બે ભૂમિકા હોય છે : (1) સંગત કરવી (2) સ્વતંત્ર તબલાવાદન કરવું.

સંગત કરવા માટે તબલાવાદકે ત્રણ શૈલી જોડે મુખ્યત્વે સંગત કરવાની રહે છે : (1) ગાયન (2) વાદન (તંતુવાદ્ય, ઘનવાદ્ય તથા સુશિરવાદ્ય સાથે) (3) નૃત્ય સાથે જે તબલા અથવા પખાવજ વગેરે દ્વારા કરવામાં આવે છે.

સોલો એટલે કે સ્વતંત્ર તબલાવાદન માટે-હારમોનિયમ વાદક, સારંગી કે વાયોલિનની સંગત ઉપયોગી થાય છે. એ પણ સાથ-સંગાથ જ કહેવાશે.

એટલે કે સંગત બે પ્રકારની થાય છે : (1) સ્વરની સંગત (2) તાલ-લયની સંગત.

સંગીતમાં સાથ-સંગતનું ખૂબ જ મહત્ત્વ છે. સાથ-સંગાથ વિનાનું સંગીત જરા પણ કર્ણપ્રિય તથા રુચિકર નથી લાગતું, કારણ કે સંગીતમાં સાથ-સંગાથ દ્વારા મુખ્ય બે ઉદ્દેશ સિદ્ધ થાય છે. એક તો તેના દ્વારા લય તથા તાલની પ્રતિષ્ઠા થાય છે અને તેના દ્વારા રજૂ કરાતા સંગીતને નિયમબદ્ધ કરાય છે, જેનાથી તેની શુદ્ધતા પરખાઈ જાય છે. બીજો મુખ્ય ઉદ્દેશ સંગીતને વધુ આનંદદાયક બનાવી શ્રોતાગણ ને આનંદની અનુભૂતિ કરાવી શકાય છે.

ગાયકીમાં ખ્યાલ સાથે વગાડાતા વિલંબિત લયના તાલોમાં પણ તેના નાના-નાના બોલોનો પ્રયોગ કરી ખ્યાલ ગાયકીને રુચિકર બનાવી શકાય છે. આ ઉપરાંત છોટાખ્યાલ તથા તરાના જેવી રચનાઓ સાથે કુશળતાપૂર્વક સંગત કરી નાની ચીજો વગાડી વાતાવરણને હળવું બનાવી શકાય છે. બધું સાથ-સંગત દ્વારા જ શક્ય બને છે. તંતુ વાદ્ય સાથે પણ વિલંબિત લય, મધ્યલય તથા "ઝાલા"ના પ્રયોગ વખતે દ્રુતલયમાં કુશળતાપૂર્વક સાથ-સંગત કરવાથી સંગીત રુચિકર લાગે છે.

નૃત્ય સાથેની સંગત અભ્યાસ માગી લે છે, કારણ કે નૃત્યકારની રચના અને તેઓ દ્વારા રજૂ થતી રચના જુદી જુદી લયકારી તથા લયમાં હોય છે જેને અનુરૂપ સાથ-સંગત કરવી એ પણ કુશળતાનું કામ છે. સંગતકાર જો જાણકાર ના હોય તો સંગીત (નૃત્ય) નીરસ બની જશે. આથી સાથ-સંગતનું સ્થાન ભારતીય સંગીતમાં ખૂબ જ મહત્ત્વનું બની રહે છે.

સ્વતંત્ર વાદનમાં પણ લહેરા સંગત લયબદ્ધ નહીં રહે તો તબલાવાદન શક્ય જ નહીં બને. આથી કુશળ સંગતકાર હોવો જરૂરી છે.

આખરે તો એક જ નિષ્કર્ષ નીકળે છે કે સાથ-સંગત વગરનું સંગીત નીરસ-અશાસ્ત્રીય લાગશે, કારણ કે સાથ-સંગત દ્વારા લય-તાલને નક્કી કરી તેને નિયમબદ્ધ બનાવી શકાય અને સંગીતને ગતિ આપવાનું કાર્ય થાય છે તથા મુખ્ય કલાકારનાં દોષો હોય અથવા તો સામાન્ય ભૂલને છૂપાવી અને સાથ-સંગત કરવો એ પણ એક મહત્ત્વનું પાસું છે.

**(2) સ્વતંત્ર તબલાવાદન કરવાની રીત :** જુદા જુદા ઘરાનામાં અલગ-અલગ રીતે સ્વતંત્ર તબલાવાદન થાય છે. પરંતુ તેનાં ક્રમની બાબતમાં લગભગ સામ્યતા જોવા મળે છે. બનારસ ઘરાનામાં તબલાવાદનની શરૂઆત ''ઉઠાન'' દ્વારા કરવામાં આવે છે. બાકી બીજા દરેક ઘરાનામાં ''પેશકાર''થી વાદનની શરૂઆત થાય છે. ત્યારબાદ ચલનચારી, બાંટ, રેલા તથા દ્રુતલયમાં ટુકડા, પરનો ચક્રધારો રજૂ થાય છે. આ વાદન શૈલી બનારસ ઘરાનાની શૈલી દર્શાવે છે. બાકી બીજા બધાં ઘરાનામાં પેશકાર બાદ, પેશકાર કાયદા, વિવિધ બોલોનાં કાયદા, વિવિધ લયનાં કાયદા રજૂ કરવામાં આવે છે. ત્યારબાદ કોઈ ''ચાલા'' ઘણા ઘરાનામાં રજૂ કરવામાં આવે છે અને વાદનને ''કહેરવા'' તાલનો આનંદ આપવામાં આવે છે. ''ચાલા'' બાદમાં વિવિધ પ્રકારની 'ગતો'નો પ્રયોગ કરવામાં આવે છે અને વાદનમાં વૈવિધ્ય લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ પ્રસ્તુતિ બાદ રેલા-જેમાં તીરકીટ અને ધીરધીરનાં પ્રયોગ દ્વારા તૈયારી અને કલાકારે કરેલી મહેનતનો અનુભવ કરાવવામાં આવે છે.

તબલાવાદનના અંતિમ ચરણમાં દ્રુતલયમાં વિવિધ પ્રકારનાં ટુકડા, ચક્રદાર, ફરમાયશી ચક્રદાર, કમાલી ચક્રદારે, પરનો રજૂ કરી વાદનને એક 'ગતિ' આપી અને વાતાવરણ હળવું બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. અંતમાં કોઈ જોરદાર ટુકડા દ્વારા અથવા તો પ્રણાલી ટુકડા અથવા તો દેવી દેવતાઓની પ્રેરન દ્વારા વાદન સમાપ્ત કરવાથી સંપૂર્ણ તબલાવાદન કલાની પ્રસ્તુતિ કરાવ્યાનો શ્રોતાગણમાં અહેસાસ જણાય છે.

**(3) છંદ અને તાલ :**

**છંદ :** નક્કી કરેલા અક્ષરો કે માત્રાઓ પ્રમાણે શબ્દોની કાવ્યરચના થાય છે તેને છંદ કહે છે.

**તાલ :** સંગીતમાં સમયને માપવાના સાધનને તાલ કહેવામાં આવે છે.

તાલનું મુખ્ય કામ સંગીતને નિયમબદ્ધ કરી સ્થિરતા પ્રદાન કરવાનું છે અને આ તાલને નિયમબદ્ધ કરવાનું કામ છંદનું છે.

છંદો બે પ્રકારનાં હોય છે : (1) અક્ષરમેળ છંદ (2) માત્રામેળ છંદ

**અક્ષરમેળ છંદ :** એટલે એવા છંદ કે જેની પ્રત્યેક પંક્તિનાં અક્ષરોની રચનાની સંખ્યા નક્કી કરેલી હોય છે. તેવા છંદને અક્ષરમેળ છંદ કહેવાય છે. લઘુ-ગુરુ એ અક્ષરમેળ છંદનાં એકમો છે.

**માત્રામેળ છંદ :** માત્રામેળ છંદનો સંબંધ પંક્તિની રચનામાં અક્ષરો સાથે નથી હોતો, પરંતુ માત્રાની સંખ્યા સાથે હોય છે. અહીં લઘુની 1 માત્રા તથા ગુરુની 2 માત્રા ગણવામાં આવે છે. તેનો સંબંધ તાલ સાથે હોય છે. તેમાં નિયત સંખ્યાની માત્રાસંધિનાં આવર્તનો હોય છે. આ માત્રાસંધિ 4 છે.

(1) ત્રિકલ (2) ચતુષ્કલ (3) પંચકલ (4) સપ્તકલ

**(1) ત્રિકલ :** ત્રણ માત્રાનાં સંધિસમૂહને ત્રિકલ કહે છે.

**ઉદાહરણ :** તાલ દાદરા ભડૌંવા છંદ.

**(2) ચતુષ્કલ :** ચાર માત્રાનાં સંધિસમૂહને ચતુષ્કલ કહે છે.

**ઉદાહરણ :** કહેરવા-ત્રિતાલ-ધુમાળી રૂપધનાક્ષરી તથા તોટક છંદ.

**(3) પંચકલ :** પાંચ માત્રાનાં સંધિસમૂહને પંચકલ કહે છે.

**ઉદાહરણ :** ઝપતાલ-ભૂજંગપ્રમાત છંદ.

(4) **સપ્તકલ :** સાત માત્રાનાં સંધિસમૂહને સપ્તકલ કહે છે.

**ઉદાહરણ :** રૂપક, તેવરા, દીપચંદી ગીતાંગી છંદ (ઝૂલના છંદ)

સંગીત જગતમાં અક્ષરમેળ છંદો વધુ ઉપયોગી નથી પણ માત્રામેળ છંદ જ ઉપયોગી છે કારણ કે ગીત કે ગત એક જ તાલમાં રચાયેલા હોય છે અને તમે કુશળતાપૂર્વક કલાત્મક ફેરફાર કરી શકો છો અને તેનાં ઠેકામાં ફેરફાર કરી વૈવિધ્ય લાવી શકો છો. પ્રકારો પણ અનેક બનાવી શકાય છે. જ્યારે અક્ષરમેળ છંદમાં તે શક્ય નથી.

આમ, અનેક પ્રકારનાં છંદ સાહિત્યમાં ઉપલબ્ધ છે. પરંતુ કુશળ તબલાવાદક માત્રામેળ છંદોનો અભ્યાસ કરી વાદનમાં વૈવિધ્ય લાવી શકે છે. પરંતુ તેના (છંદના) વાદનની પણ સીમા છે. ભડૌવા છંદ, રૂપઘનાક્ષરી છંદ, તોટક છંદ તથા ગીતાંગી છંદનો અભ્યાસ કરવામાં આવે તો અવશ્ય ફાયદો થાય.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) સંગતના કેટલા પ્રકાર છે ?

(2) સાથ-સંગત માટે કયા વાદ્યનો ઉપયોગ થાય છે ?

(3) સ્વતંત્ર તબલાવાદનની રીત વર્ણવો.

(4) છંદ અને તાલનું વર્ણન કરો.

**2. સાચા જવાબ સામે √ ટીક કરો :**

(1) બડા ખ્યાલ ગાયન કઈ લયમાં ગવાય છે ?

(A) મધ્યલય (B) વિલંબિતલય (C) દ્રૂતલય (D) અતિદ્રૂતલય

(2) તંતુવાદ્યમાં ''ઝાલા'' કઈ લયમાં વગાડવામાં આવે છે ?

(A) વિલંબિતલય (B) અતિ વિલંબિતલય (C) મધ્યલય (D) દ્રૂતલય

(3) તબલાવાદન (એકલવાદન)ના અંતિમ ચરણમાં શું વગાડવામાં આવે છે ?

(A) પેશકાર (B) કાયદા (C) મુખડા (D) ચક્રદાર

(4) સંગીતમાં કયા છંદનો ઉપયોગ થતો નથી ?

(A) રૂપઘનાક્ષરી છંદ (B) માત્રામેળ છંદ (C) અક્ષરમેળ છંદ (D) તોટક છંદ

●

# 7 બોલોની નિકાસ

**પ્રસ્તાવના**

તબલા એકલવાદન અને સાથ-સંગત માટે તેના બોલોની શુદ્ધતા ખૂબ આવશ્યક છે. તબલામાં નીકળતા બોલોને કેવી રીતે વગાડી શકાય ? જો આ માહિતી ના હોય તો સારા તબલાવાદક બની શકાતું નથી. તબલા વાદનમાં બોલોની સ્પષ્ટ નિકાસવિધિ જરૂરી છે. માટે આ એકમમાં તબલાના વિવિધ બોલોની નિકાસવિધિની માહિતી આપવામાં આવી છે. જેનાથી તબલા વાદ્ય પર તે બોલ સચોટ રીતે વગાડી શકાય.

---

(1) **ગેગેતિટ :** સૌપ્રથમ ડાબા હાથની મધ્યમા અને અનામિકા આંગળી વડે બાંયા પર પ્રહાર કરવાથી 'ગે' બોલ વાગશે. તે જ રીતે બીજી વાર 'ગે' બોલ વગાડીને જમણા હાથની મધ્યમા અને અનામિકા આંગળી વડે તબલાની શાહીની મધ્યમાં પ્રહાર કરવાથી 'તી' બોલ વાગે છે. અને ફરી જમણા હાથની તર્જની આંગળી વડે તબલાની શાહીની મધ્યમાં પ્રહાર કરવાથી 'ટ' બોલ વાગે છે. આમ, બંને હાથથી વારાફરતી બોલ વગાડતા 'ગેગેતીટ' બોલ વાગે છે.

(2) **કડાનધા :** સૌપ્રથમ ડાબા હાથના પંજા વડે બાયા પર થાપ મારી તરત જ જમણા હાથની તર્જની આંગળી તબલાના મેદાન (લવ) પર પ્રહાર કરવાથી 'કડાન્' બોલ વાગે છે અને જમણા હાથની તર્જની આંગળી વડે તબલાની કિનારા અને ડાબા હાથની મધ્યમા અને તર્જની આંગળી વડે બાંયા પર એક સાથે પ્રહાર કરવાથી 'ધા' બોલ વાગે છે. આમ, બંને હાથથી વારાફરતી બોલ વગાડતા 'કડાન્ ધા' બોલ વાગે છે.

(3) **નગધેત્ :** સૌપ્રથમ જમણા હાથની તર્જની આંગળી વડે તબલાની કિનાર પર પ્રહાર કરવાથી 'ન' તેમજ ડાબા હાથની મધ્યમા અને અનામિકા આંગળી વડે બાંયા પર પ્રહાર કરવાથી 'ગ', ત્યારબાદ જમણા હાથની મધ્યમા અને અનામિકા આંગળીથી શાહીના મધ્યભાગે અને તેની સાથે બાંયા પર મધ્યમા અને  અનામિકા આંગળીથી આઘાત કરવાથી 'ધેત્' બોલ વાગે છે. આમ, રીતે વારાફરતી બોલ વગાડવાથી 'નગધેત્' બોલ વાગે છે.

(4) **ગદીગન :** સૌપ્રથમ ડાબા હાથની મધ્યમા અને અનામિકા આંગળી વડે બાયા પર એક સાથે પ્રહાર કરવાથી 'ગ' બોલ વાગે છે. ત્યારબાદ જમણા હાથની તર્જની વડે તબલાની શાહીની એક બાજુ ખુલ્લો પ્રહાર કરવાથી 'દી' બોલ વાગે છે. ત્યારબાદ ફરીથી આગળ બતાવ્યા પ્રમાણે 'ગ' બોલ વગાડીને તરત જમણા હાથની તર્જની આંગળી વડે તબલાની કિનાર પર પ્રહાર કરવાથી 'ન' બોલ વાગે છે. આમ, વારાફરતી બોલ વગાડતા 'ગદીગન' બોલ વાગે છે.

(5) **ધૂમ કિટતક :** સૌ પ્રથમ જમણા હાથના પંજાથી શાહીની ઉપર આઘાત કરીને તેની સાથે જ ડાબા હાથની મધ્યમા અને અનામિકા આંગળી  વડે બાંયા પર એકસાથે પ્રહાર કરવાથી 'ધૂમ' બોલ વાગે છે. ત્યારબાદ બાંયા પર ડાબા હાથના પંજા વડે થાપ મારી 'કિ' બોલ ત્યારબાદ જમણા હાથે તબલા પર મધ્યમા અને અનામિકા આંગળી વડે તબલાની શાહીની મધ્યમાં પ્રહાર કરવાથી 'ટ' બોલ તેમજ ફરીથી જમણા હાથની તર્જની આંગળીથી તબલાની શાહીની મધ્યમાં પ્રહાર કરવાથી 'ત' બોલ નીકળે છે. ત્યારબાદ જે રીતે 'કિ' બોલ નીકળ્યો તે રીતે જ 'ક' બોલ વગાડી શકાય છે. આમ, વારાફરતી બધા બોલ વગાડતા 'ધૂમ કિટતક' બોલ વાગે છે.

(6) **કડધેતીટ :** સૌપ્રથમ ડાબા હાથના પંજા વડે બાંયા પર થાપ મારી તરત જ જમણા હાથની મધ્યમા અને અનામિકા આંગળીથી તબલાની શાહીની મધ્યમાં થાપ મારવાથી 'કડ' બોલ વાગે છે. ત્યારબાદ જમણા હાથની તર્જની આંગળીથી તબલાની શાહીની મધ્યમાં તેમજ સાથે-સાથે ડાબા હાથની મધ્યમા અને અનામિકા આંગળી વડે પર પ્રહાર કરવાથી 'ધે' બોલ નીકળે છે. ત્યારબાદ જમણા હાથની મધ્યમા અને અનામિકા આંગળી વડે તબલાની શાહીની મધ્યમાં પ્રહાર કરવાથી 'તી' બોલ વાગે છે. અને એ જ જમણા હાથની તર્જની આંગળી વડે તબલાની શાહીની મધ્યમાં પ્રહાર કરવાથી 'ટ' બોલ વાગે છે. આમ, આવી રીતે વારાફરતી ઉપરોક્ત બોલ વગાડાતાં 'કડધેતીટ' બોલ વાગે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) 'કડાન્' શબ્દની નિકાસવિધિ જણાવો.

(2) 'તીર' શબ્દની નિકાસવિધિ જણાવો.

(3) 'નગધેત્' બોલની નિકાસવિધિ જણાવો.

(4) 'ધૂમ્કિટતક' બોલની નિકાસવિધિ જણાવો.

**2. સાચા જવાબ સામે √ ટીક કરો :**

(1) ''ગે'' શબ્દ બાંયા પર કઈ આંગળીથી વગાડવામાં આવે છે ?

(A) મધ્યમા (B) અનામિકા (C) તર્જની (D) કનિષ્ઠકા

(2) ''દીં'' શબ્દ તબલા પર કયા સ્થાનમાં વગાડવામાં આવે છે ?

(A) ચાંટી (B) સ્યાહી (C) લવ (D) મૈદાન

(3) ''તિરકિટ''માં ''ટ'' શબ્દ તબલા પર કઈ આંગળીથી વગાડવામાં આવે છે ?

(A) તર્જની (B) મધ્યમા (C) અનામિકા (D) કનિષ્ઠકા

(4) ''તા'' શબ્દ તબલામાં કઈ જગ્યાએ વગાડવામાં આવે છે ?

(A) કિનાર (B) સ્યાહી (C) મૈદાન (D) ગજરો

(5) ''તી'' શબ્દ તબલામાં કઈ જગ્યાએ વગાડવામાં આવે છે ?

(A) સ્યાહી (B) કિનાર (C) મૈદાન (D) લવ

●

| 8 | જીવન-પરિચય |
|---|---|

**પ્રસ્તાવના**

સંગીતકલા એ ગુરુમુખી કલા કહેવાય છે માટે સંગીત શીખવા માટે સારા ગુરુ મળે તો જ વિદ્યાર્થી તૈયાર થઈ શકે અને તે માટે વિદ્યાર્થીએ અલગ અલગ ઘરાનાનો અભ્યાસ કરવો જોઈએ અને દરેક ઘરાનાની વિશેષતા એના વાદકોમાં જોવા– સાંભળવા મળતી હોય છે. આ એકમમાં તબલાવાદકોનો પરિચય આપવામાં આવ્યો છે. એના વાંચનથી ઘરાનાનો પરિચય કેળવાશે તેમજ કલાકાર કેટલો પરિશ્રમ કરીને એના ફળસ્વરૂપે એમને મળેલ સન્માનથી વિદ્યાર્થીને પ્રોત્સાહન મળશે તેમજ સંગીત તબલાવાદનની કલાના વિકાસ માટેનું તેમનું યોગદાન જેવી મહત્ત્વની બાબતો આ એકમમાંથી પ્રાપ્ત થશે. ગુરુ-શિષ્ય પરંપરાની વિસ્તૃત માહિતી આ એકમમાંથી મેળવી શકશો. અને કલાકારોનું સંગીત ક્ષેત્રમાંમાં તબલા વાદન ઉપરાંત સંગીત નિર્દેશન જેવા પણ કરેલ કાર્યોની માહિતી તથા તબલા વાદનની કલા વિશે લખેલ પુસ્તકોની માહિતી આ એકમ દ્વારા વિદ્યાર્થી મેળવી શકશે.

**પંડિત સામતા પ્રસાદ (ગુદઈમહારાજ)**



બનારસ ઘરાનાના તબલાસમ્રાટ 'પ્રતપ્પુમહારાજ'ના ઘરાનાના તબલાવાદકોમાં ગુદઈમહારાજ એક પ્રસિદ્ધ તબલા વાદક છે. તેમનો જન્મ 27 જુલાઈ, 1921 ના રોજ કબીરચૌરા, કાશીમાં થયો. એમની પ્રારંભિક શિક્ષા પિતા પં. બાચાપ્રસાદ મિશ્રથી શરૂ થઈ. પિતાજી પાસે સાત વર્ષ સુધી શિક્ષા મેળવી. ત્યારબાદ પિતાજીનું અવસાન થતાં તબલા શિક્ષા પં બિક્કુજી મિશ્ર પાસેથી લેવાનું શરૂ કર્યું. અત્યંત કઠોર રિયાઝથી આપે તબલાવાદનમાં સફળતા પ્રાપ્ત કરી અને સખત પરિશ્રમના ફળસ્વરૂપ આપને અનેક સંગીત સંમેલનોમાં કાર્યક્રમ માટે આમંત્રણ મળવા લાગ્યા. એમણે તબલા સંગત અને તબલાસોલો વાદનના ઉત્તમ કલાકાર તરીકે નામના પ્રાપ્ત કરી. ભારતના અનેક સંગીત સંમેલનોમાં, તેમજ રેડિયો દૂરદર્શન પર અનેક કાર્યક્રમ આપીને નામના પ્રાપ્ત કરી.

એમણે શાસ્ત્રીયસંગીત ઉપરાંત ફિલ્મી સંગીતમાં પણ તબલાવાદનનો પરિચય આપ્યો છે, જેમાં ઝનક ઝનક પાયલ બાજે, બસંત બહાર, શોલે જેવી ફિલ્મોમાં તબલાવાદન કરીને સિનેમા સંગીતને નવો આયામ આપ્યો. આમ જનતાની રસવૃત્તિને પોષણ આપ્યું.

એમને ઘણા પારિતોષિકો આપીને સન્માનિત કર્યા છે જેમાં (1) સન-1979માં સંગીત નાટક અકાદમી એવૉર્ડ, (2) સન 1972માં


પદ્મશ્રી એવૉર્ડ, (3) 1985માં કલકત્તામાં 'હાફિઝઅલી' પુરસ્કાર (4) સન 1991માં ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા 'પદ્મભૂષણ' એવૉર્ડ થી સન્માનિત કર્યા છે.

એમના શિષ્યોમાં શ્રી ભોલેપ્રસાદ સિંહ-પટના, શ્રી નીતિન ચેટરજી, નભ્કુમાર, સંખાબક્ષી, સ્વ.ચંદ્રકાન્ત કામત, પં.કુમારલાલ મુખ્ય છે.

ત્રિતાલ, રૂપક, ધમાર અને સવારી આ તાલો આપની પસંદગીના હતા. જેમાં આપે ઘણા તબલા સોલો ના કાર્યક્રમ આપેલ છે.

તેઓ તબલાવાદક તથા ઉત્તમ શિક્ષક પણ હતા. પૂનામાં એક કાર્યશિબિરનું આયોજન કર્યું હતું જેમાં તેઓની તબિયત બગડતાં સન 1994માં 73 વર્ષની ઉંમરે અવસાન થયું.

**ઉસ્તાદ અલ્લારખાં**



પ્રસિદ્ધ તબલાવાદક અલ્લારખા ખાં નું નામ ભારતના દરેક સંગીતપ્રેમી જાણે છે. આપનો જન્મ 29 એપ્રિલ 1919ના રોજ રતનગઢ (ગુરુદાસપુર)માં થયો. પિતાનું નામ હાશિમ અલી હતું જેઓ ખેતીવાડીનું કામ કરતા હતા.

નાનપણથી તેમને સંગીત પ્રત્યે ખૂબ જ લગાવ હતો. 15 વર્ષની ઉંમરમાં પઠાનકોટની એક નાટક કંપનીમાં નોકરી મેળવી. નોકરીમાં એમને તબલાના મહાન ઉસ્તાદ કાદિરબક્ષના શિષ્યખાં સાહેબ લાલમુહમ્મદનો પરિચય થયો અને આપે એમની પાસે તબલાની શિક્ષા લેવાનું શરૂ કર્યું.

કેટલાક સમય બાદ કાકાની સાથે આપને લાહોર જવાનું થયું. ત્યાં આપે ઉ.કાદિરબક્ષ પાસે થી તબલાની શિક્ષા પ્રાપ્ત કરી. અથાગ પરિશ્રમથી એમણે તબલાવાદનની શિક્ષા પ્રાપ્ત કરીને પંજાબ ઘરાનાનું નામ રોશન કર્યું.

એમણે તબલાવાદનની સાથે ગાવાની પણ તાલીમ પતિયાલા ઘરાનાના ગાયક ઉ. આશિકઅલી પાસે મેળવી હતી.

લાહોર અને દિલ્હી આકાશવાણી કેન્દ્રો પર તબલાવાદનના કાર્યક્રમ પ્રસારિત કર્યા બાદ સન 1940માં ઓલ ઇન્ડિયા રેડિયો મુંબઈમાં સ્ટાફ આર્ટિસ્ટ તરીકે નોકરી મળી. મુંબઈમાં થોડો સમય નોકરી કર્યા બાદ એ નોકરી છોડી દીધી અને સ્વતંત્ર પ્રોગામ આપવાના શરૂ કર્યા. આપે ઘણા ઉસ્તાદો સાથે તબલાં સંગત કરી છે, જેમાં ઉ.બડેગુલામ અલી, અલ્લાઉદ્દીનખાં, ઉ. વિલાયતખા, શ્રી વસંત રાહી, ઉ. અલી અકબરખાં, પં.રવિશંકર મુખ્ય છે.

એમણે ફિલ્મી સંગીતમાં પણ 1943થી 1948 સુધી સંગીત નિર્દેશનનું કાર્ય કરેલ છે.

તેમના તબલાવાદનમાં પંજાબ ઘરાનાની વિશેષતાઓ જોવા મળે છે. ગાયન તેમજ તંત્રકારોની સંગતમાં તેઓએ ખૂબ જ નામના પ્રાપ્ત કરી છે.

એમના શિષ્યોમાં શ્રી યોગેશ સમશી, શ્રી આદિત્ય કલ્યાણપુર, અનુરાધા પાલ, નીશીકાંત બરોડેકર, શ્રી ઉદય રામદાસ, તૌફિક કુરેશી, ફઝલ કુરેશી, ઉ.ઝાકિરહુસેન મુખ્ય છે.

એમને સન 1977માં પદ્મશ્રીનો એવૉર્ડ ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા દ્વારા પ્રાપ્ત થયો તથા સન 1982માં સંગીત નાટક અકાદમી દ્વારા એવૉર્ડ પ્રાપ્ત થયો.

સન 2000ના 3 ફેબ્રુઆરીના દિવસે મુંબઈમાં ટૂંકી માંદગીમાં આ દુનિયા છોડી, આજે પણ તેઓની કલા અમર છે.

**ડૉ. આબાન મિસ્ત્રી**



ભારતના સૌપ્રથમ મહિલા તબલાવાદક તરીકે ડૉ. આબાન મિસ્ત્રીનું નામ આદરપૂર્વક લેવામાં આવે છે.

ડૉ. આબાન મિસ્ત્રીનો જન્મ તા. 6-5-1940ના રોજ અલીગઢમાં થયો હતો. સ્વભાવના ખૂબ જ શાંત અને નિર્મળ હતા. એમણે નાનપણથી જ સંગીતની તાલીમ પંડિત કે.કી જીજીના પાસેથી લેવાની શરૂ કરી. આપે ગાયન, સિતાર અને તબલાની શિક્ષા લીધી બાદ કથ્થક નૃત્યની શિક્ષા લેવાનું શરૂ કર્યું પરંતુ તબિયત નાદુરસ્ત હોવાથી કથ્થકનો અભ્યાસ છોડવો પડ્યો.

ડૉ. આબાનજીએ ત્યારબાદ ઉ. અમીરહુસેન ખાં પાસે તબલાની ઉચ્ચ શિક્ષા લેવાનું શરૂ કર્યું અને વર્ષો સુધી રિયાઝ અને રસપૂર્વક તબલાની શિક્ષા ગ્રહણ કરી. એક મહિલા તબલાવાદક તરીકેનો પડકાર ઝીલીને દેશના ઘણા સંગીત સંમેલનોમાં તબલાસોલો વાદનના કાર્યક્રમ રજૂ કરીને નામના પ્રાપ્ત કરી.

ડૉ. આબાનજીએ 'સ્વર સાધના સમિતિ' નામક સંસ્થાની સ્થાપના મુંબઈમાં કરી અને એમાં સંગીત, ગાયન, વાદન, તબલાનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું. તેમજ સંગીતસ્પર્ધાનું આયોજન કરીને દેશના ઉગતા કલાકારોને પ્રોત્સાહન આપતા. આમ સંગીતનો સતત વિકાસ થાય. તબલાનો વિકાસ થાય એવા વિચારો સતત આવતા અને પોતાનાથી બનતું બધું જ કરતા. સંગીત

માસિક પત્રિકાઓ શરૂ કરી, જેમાં સંગીત વિષયક-જુદા જુદા કલાકારોના લેખ આવતા. આમ, સમાજ ઉપયોગી કાર્ય પણ કર્યું છે. તબલા વિષય પર-પખાવાજ, તબલે કી બંદીશે, જેવા પુસ્તકો લખીને સંગીતના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ કાર્ય કરેલ છે.

આવા મહાન તબલાવાદક તા. 30-9-2012ના રોજ મુંબઈમાં અવસાન થયું. આજે પણ તેમના પ્રદાનથી સંગીતની દુનિયા સમૃદ્ધ છે.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) ઉ.અલ્લારખાનો જન્મ ......... સાલમાં થયો હતો.

(2) પંડિત યોગેશ સમશી ......... ના શિષ્ય છે.

(3) ......... સાલમાં ઉ.અલ્લારખા ખાંને પદ્મશ્રીનો એવૉર્ડ મળ્યો હતો.

(4) પં. સામતાપ્રસાદ ......... નામથી પ્રસિદ્ધ હતા.

(5) દેશના સૌપ્રથમ મહિલા તબલાવાદક ......... હતા.

(6) ડૉ. આબાન મિસ્ત્રીનો જન્મ ......... સાલમાં થયો હતો.

**2. સાચા જવાબ સામે √ ટીક કરો :**

(1) પં. સામતા પ્રસાદ કયા ઘરાનાના તબલા વાદક છે ?

(A) દિલ્લી ઘરાના (B) લખનઉ ઘરાના

(C) બનારસ ઘરાના (D) પંજાબ ઘરાના

(2) ઉ. અલ્લારખાં કયા ઘરાનાના તબલા વાદક છે ?

(A) ફરૂખાબાદ (B) પંજાબ

(C) દિલ્લી (D) અજરાડા

(3) ડૉ. આબાન મિસ્ત્રી ક્યાં રહીને તબલાનો વિકાસ કર્યો ?

(A) અલગીઢ (B) દિલ્લી

(C) મુંબઈ (D) અમદાવાદ

•

# વિભાગ 2 (ક્રિયાત્મક)

## 1 તાલ-પરિચય

**પ્રસ્તાવના**

સંગીતમાં સ્વર અને તાલ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. તબલાના વિદ્યાર્થીઓને અલગ અલગ માત્રાના તાલોની જાણકારી મેળવવી જરૂરી છે.જે આ એકમમાં જુદી જુદી માત્રાના તાલો દ્વારા જાણકારી પ્રાપ્ત થશે. તાલની જાણકારી સાથે સાથે એ તાલ કઈ ગાયન શૈલીમાં સંગત માટે ઉપયોગી થશે તેની વિશેષ જાણકારી આપવામાં આવી છે તેમજ દરેક તાલમાં આવતા બોલ દ્વારા ખબર પડશે કે આ તાલ ખુલ્લાબાજ એટલે કે પખાવજ પર વગાડવામાં આવે છે કે બંધબાજ એટલે કે તબલા પર વગાડવામાં આવે છે. આ બધી જ માહિતી આ એકમ દ્વારા મેળવી શકશો. તાલને અલગ અલગ લયમાં કેવી રીતે લખવા તે જાણવું ખૂબ જ જરૂરી છે. એક માત્રામાં બે બોલ આવે તો દુગુન, ત્રણ બોલ આવે તો તિગુન, ચાર બોલ આવે તો ચૌગુન લય થાય. તો એ લયમાં આખો તાલ કેવી રીતે લખવામાં આવશે તેની જાણકારી આ એકમથી મેળવી શકશો. અને લયનું જ્ઞાન પ્રાપ્ત થશે.

---

**ક્રિયાત્મક**

**એકમ 1**

અભ્યાસક્રમના તાલોને માહિતી સાથે લિપિબદ્ધ કરી. દુગુન અને ચૌગુન લય કારી સાથે લખવાનો અભ્યાસ.

**તાલ : એકતાલ, રૂપક, ચૌતાલ, દીપચંદી.**

### (1) તાલ - એકતાલ

**માહિતી :**

આ તાલ ખ્યાલ અંગની ગાયકીમાં સાથસંગત કરવા માટે ખૂબ પ્રચલિત તાલ છે. આ તાલની રચના ખ્યાલ અંગની ગાયકીના જન્મ સાથે થઈ હશે. આ તાલને વિલંબિતલય, મધ્યલય તથા દ્રુતલય આ ત્રણે લયમાં ખૂબ જ સુંદરતાથી વગાડી શકાય છે. આ તાલમાં પેશકાર, કાયદા, ટુકડા, રેલા, પરન વગેરે વગાડી શકાય છે. આ તાલ સોલોવાદન અને સંગતમાં ઉપયોગી તાલ છે. આ તાલ બંધબાજમાં વગાડવામાં આવે છે.

માત્રા-12, વિભાગ-6, તાલી-1, 5, 9, 12 માત્રા 52, ખાલી-3, 7 માત્રા પર.

**મૂળ લય :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધીં | ધીં | ધાગે | તિરકિટ | તૂં | ના | ક | ત્તા | ધાગે | તિરકિટ | ધીં | ના | ધીં |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

**દુગુન લય :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધીંધીં | ધાગે તિરકિટ | તુંના | કત્તા | ધાગેતિરકિટ | ધીંના | ધીંધીં | ધાગેતિરકિટ | તૂંના | કત્તા | ધાગેતિરકિટ | ધીંના | ધીં |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

● **ચૌગુન લય :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | |
| ધીંધીંધાગેતિરકિટ | તૂંના કત્તા | ધાગેતિરકિટધીંના | ધીંધીંધાગેતિરકિટ | તૂંનાકત્તા | ધાગેતિરકિટધીંના | |
| X 7 | 8 | 0 9 | 10 | 2 11 | 12 | |
| ધીધીંધાગેતિરકિટ | તૂંના કત્તા | ધાગેતિરકિટધીંના | ધીંધીંધાગેતિરકિટ | તૂંનાકત્તા | ધાગેતિરકિટધીનાં | ધીં |
| 0 | | 3 | | 4 | | X |

## (2) તાલ-રૂપક

**માહિતી :**

આ તબલાનો તાલ છે. આ તાલનો ઉપયોગ સોલોવાદનમાં ખ્યાલ અંગની ગાયકીમાં તથા વાદ્ય સંગીત જેવા કે સિતાર, વાયોલિન વગેરેની ગતોમાં સંગત કરવામાં થાય છે. આજકાલ ભજનસંગીત, ગઝલ, તથા તેમજ ભાવસંગીત જેવા પ્રકારોમાં સંગત કરવામાં ઉપયોગી તાલ માનવામાં આવે છે. સોલોવાદનમાં પેશકાર, કાયદા, ટુકડા, રેલા, પરન વગેરે આ તાલમાં વગાડવામાં આવે છે. આ તાલમાં શાસ્ત્રના નિયમ પ્રમાણે ખાલી આવતી નથી પરંતુ ક્રિયાત્મક દૃષ્ટિથી આ તાલની શરૂઆત 'તીં' શબ્દથી થાય છે એટલે લોકો વધુ ભાગે ખાલી માને છે એટલે આ તાલની પહેલી માત્રા પર તાલી અને ખાલી બંનેના ચિહ્ન કરવામાં આવે છે.

**સિંગલ લય :**

માત્રા-7 વિભાગ-3 તાલી : 1, 4, 6 માત્રા પર.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
| તીં | તીં | ના | ધીં | ના | ધીં | ના | તીં |
| ⓧ | | | 2 | | 3 | | ⓧ |

**દુગુન લય :**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
| તીંતીં | નાધીં | નાધીં | ના,તીં | તીંના | ધીંના | ધીંના | તીં |
| ⓧ | | | 2 | | 3 | | X |

**ચૌગુન લય :**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
| તીંતીંનાધીં | નાધીંનાતિં | તિંનાધીંના | ધીંના,તીંતીં | નાધીંનાધીં | નાતીંતીંના | ધીંનાધીંના | તીં |
| ⓧ | | | 2 | | 3 | | ⓧ |

**નોંધ :** આ તાલ બંધબાજમાં વગાડવામાં આવે છે.

## (3) તાલ-ચૌતાલ

**માહિતી :**

ચારતાલ અથવા ચૌતાલ પખાવજ વાદ્યનો મુખ્ય તાલ માનવામાં આવે છે. આ તાલનો ઉપયોગ ધ્રુપદ અંગની ગાયકીમાં સંગત કરવામાં આવે છે. આ તાલની તાલી, ખાલી તથા વિભાગ એકતાલની જેમ સરખી છે. આ તાલમાં પખાવજ પર સોલોવાદન પણ કરવામાં આવે છે. આ તાલના બોલ ખુલ્લા અને જોરદાર છે. આ તાલમાં પરન, રેલ, તિહાઈ વગેરે વગાડવામાં આવે છે.

માત્રા-12, વિભાગ-6, તાલી-1, 5, 9, 11 માત્રા પર ખાલી-3, 7 માત્રા પર.

**સિંગલ લય :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધા | ધા | દિં | તા | કિટ | ધા | દિં | તા | તિટ | કત | ગદિ | ગન | ધા |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

**દુગુન લય :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધાધા | દિંતા | કિટધા | દિંતા | તિટકત | ગદિગન | ધાધા | દિંતા | કિટધા | દિંતા | તિટકત | ગદિગન | ધા |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

**ચૌગુન લય :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
|---|---|---|---|---|---|
| ધાધાદિંતા | કિટધાદિંતા | તિટકતાગદિગન | ધાધાદિંતા | કિટધાદિંતા | તિટકતગદિગન |
| X | | 0 | | 2 | 0 |

| 7 | 8 | 9 | 10 | 11 | 12 | |
|---|---|---|---|---|---|---|
| ધાધાદિંતા | કિટધાદિંતા | તિટકતગદિગન | ધાધાદિંતા | કિટધાદિંતા | તિટકતગદિગન | ધા |
| 0 | | 3 | | 4 | | |

## (4) તાલ-દીપચંદી

**માહિતી :**

આ તાલનો ઉપયોગ ઠુમરી ગાયન તથા હોરી, ચૈતી, કજરી વગેરે ગાયનપ્રકારોમાં સંગત કરવામાં આવે છે. આ તાલમાં સોલોવાદન કરવામાં આવતું નથી એટલે આ તાલમાં પેશકાર, કાયદા, પરન વગેરે વગાડવામાં આવતા નથી પરંતુ નાના-નાના બોલોના મોહરા, મુખડાનો જ ક્યારેક ઉપયોગ કરવામાં આવે છે. આ તાલનો પ્રયોગ મધ્યલયમાં જ કરવામાં આવે છે. આ તાલ બંધબાજમાં વગાડવામાં આવે છે.

માત્ર-14, વિભાગ-4, તાલી-1, 4, 11 માત્રા પર, ખાલી-8 માત્રા પર.

**સિંગલ લય :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધા | ધીં | ઽ | ધા | ધા | તીં | ઽ | તા | તીં | ઽ | ધા | ધા | ધીં | ઽ | ધા |
| X | | | 2 | | | | 0 | | | 3 | | | | X |

**દુગુન લય :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધાધીં | ઽધા | ધાતીં | ઽતા | તીંઽ | ધાધા | ધીંઽ | ધાધિં | ઽધા | ધાતીં | ઽતા | તીંઽ | ધાધા | ધીંઽ | ધા |
| X | | | 2 | | | | 0 | | | 3 | | | | X |

- **ચૌગુન લય :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
|---|---|---|---|---|---|---|
| ધાધીંઽધા | ધાતીંઽતા | તીંઽધાધા | ધીંઽધાધીં | ઽધાધાતીં | ઽતાતીંઽ | ધાધાધીંઽ |
| X | | | 2 | | | |

| 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| ધાધીંઽધા | ધાતીંઽતા | તીંઽધાધા | ધીંઽ, ધાધીં | ઽધાધાતીં | ઽતાતીંઽ | ધાધાધીંઽ | ધા |
| 0 | | | 3 | | | | X |

### સ્વાધ્યાય

**1. પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) તાલ એકતાલનો ઉપયોગ કઈ ગાયકીમાં વધુ થાય છે ?

(2) તાલ એકતાલમાં કેટલી તાલી અને કેટલી ખાલી આવે છે ?

(3) તાલ રૂપકમાં બે-બે માત્રાના કેટલા વિભાગ છે ?

(4) તાલ ચૌતાલને કયા વાદ્ય પર વગાડવામાં આવે છે ?

(5) તાલ ચૌતાલમાં કયા બાજનાં બોલ વગાડવામાં આવે છે ?

(6) તાલ દીપચંદીની કેટલી માત્રા છે ?

(7) તાલ દીપચંદીનો ઉપયોગ કઈ ગાયકીમાં વધુ થાય છે ?

(8) ખુલ્લા બાજમાં કયો તાલ વગાડવામાં આવે છે ?

(9) તાલ રૂપક કયા બાજમાં વગાડવામાં આવે છે ?

**2. સાચા જવાબ સામે ✔ ટીક કરો :**

(1) એકતાલની માત્રા કેટલી છે ?

(A) 10 (B) 12 (C) 7 (D) 14

(2) ભજન, ભાવગીત, ગઝલમાં કયા તાલની સંગત થાય છે ?

(A) એકતાલ (B) રૂપક (C) ચૌતાલ (D) દિપચંદી

(3) ધ્રુપદ અંગની ગાયકીમાં કયા તાલનો ઉપયોગ થાય છે ?

(A) રૂપક (B) એકતાલ (C) દિપચંદી (D) ચૌતાલ

(4) કયા તાલમાં સોલોવાદન કરવામાં આવતું નથી ?

(A) એકતાલ (B) રૂપક (C) ચૌતાલ (D) કહેરવા

●

# 2 તાલ-ત્રિતાલ વાદન

**પ્રસ્તાવના**

આ એકમમાં ક્રિયાત્મક રીતે તિશ્રજાતિના કાયદાની જાણકારી પ્રાપ્ત થશે. એક માત્રામાં ત્રણ બોલ લેવાથી તિશ્રજાતિની જાણકારી કેળવાશે, એવી જ રીતે તિશ્રજાતિના કાયદાની દુગુન થવાથી છગુની લયની સમજ કેળવાશે. આ કાયદાને વિવિધ પ્રકારે કેવી રીતે વગાડવા તેની સમજ પલટા દ્વારા પ્રાપ્ત થશે. એ કાયદાને કેવી રીતે પૂર્ણ થશે. તેની સમજ તિહાઈ દ્વારા મેળવશો. સમની સમજ કેળવવા માટે સમ આવતાં પહેલાં નાના પ્રકારના બોલ વગાડીને મુખડાની સમજ કેળવાય તેમજ નાના પ્રકારના બોલનો વિસ્તાર કરીને મોટા સ્વરૂપની જાણકારી ટુકડા દ્વારા પ્રાપ્ત થાય એ વિશે જ્ઞાનની સમજ આ એકમ દ્વારા કેળવાશે. દરેક કાયદા, પલટા, તિહાઈ, મુખડા, ટુકડા, રેલા, ચક્કદાર બધા જ પ્રકારોમાં બોલની વિશેષતા શું છે તે આ એકમ દ્વારા પ્રાપ્ત થશે.

### ત્રિતાલમાં તિસ્ત્ર જાતિનો કાયદો

| | | | | |
|---|---|---|---|---|
| ધાગેન | ધાત્રક | ધેતેટ | ધાગેન | |
| X | | | | |
| ધાત્રક | ધેતેટ | ગીનતી | નાકીન | |
| 2 | | | | |
| તાકેન | તાત્રક | તેતેટ | તાકેન | |
| 0 | | | | |
| ધાત્રક | ધેતેટ | ગેનધીં | નાગીન | ધા |
| 3 | | | | X |

### દુગુન

| | | | | |
|---|---|---|---|---|
| ધાગેનધાત્રક | ધેતેટ ધાગેન | ધાત્રકધેતેટ | ગીનતીનાકીના | |
| X | | | | |
| તાકેનતાત્રક | તેતેટતાકેન | ધાત્રકધેતેટ | ગીનધીંનાગીના | |
| 2 | | | | |
| ધાગેનધાત્રક | ધેતેટધાગેન | ધાત્રકધેતેટ | ગીનતીનાકીના | |
| 0 | | | | |
| તાકેનતાત્રક | તેતેટતાકેન | ધાત્રકધેતેટ | ગીનધીંનાગીન | ધા |
| 3 | | | | X |

## પલટા નં. 1

| | | | |
|---|---|---|---|
| ધાગેનધાત્રક<br>X | ધેતેટધાગેન | ધાગેનધાત્રક | ધેતેટધાગેન |
| ધાગેનધાત્રક<br>2 | ધેતેટધાગેન | ધાત્રકધેતેટ | ગીનતીનાકીના |
| તાકેનતાત્રક<br>0 | તેતેટતાકેન | તાકેનતાત્રક | તેતેટતાકેન |
| ધાગેનધાત્રક<br>3 | ધેતેટધાગેન | ધાત્રકધેતેટ | ગીનધીનાગીના |

## પલટા નં. 2

| | | | |
|---|---|---|---|
| ધાગેનધાત્રક<br>X | ધેતેટધાગેન | ધેતેટધાગેન | ધેતેટધાગેન |
| ધાગેનધાત્રક<br>2 | ધેતેટધાગેન | ધાત્રકધેતેટ | ગીનતીનાકીના |
| તાકેનતાત્રક<br>0 | તેતેટતાકેન | તેતેટતાકેન | તેતેટતાકેન |
| ધાગેનધાત્રક<br>3 | ધેતેટધાગેન | ધાત્રકધેતટ | ગીનધીંનાગીના |

## પલટા નં. 3

| | | | |
|---|---|---|---|
| ધાગેનધાત્રક<br>X | ધેતેટધાગેન | ધાડડડડ | ધેતેટધાગેન |
| ધાગેનધાત્રક<br>2 | ધેતેટધાગેન | ધાત્રકધેતેટ | ગીનતીનાકીના |
| તાકેનતાત્રક<br>0 | તેતેટતાકેન | તાડડડડડ | તેટેતતાકેન |
| ધાગેનધાત્રક<br>3 | ધેતેટધાગેન | ધાત્રકધેતેટ | ગીનધીનાગીન |

## તિહાઈ

| | | | | |
|---|---|---|---|---|
| ધાગેનધાત્રક | ધેતેટધાગેન | ધાત્રકધેતેટ | ગીનતીનાકીન | |
| X | | | | |
| ધાऽऽऽऽऽऽ | ધેતેટધાગેન | ધાગેનધાત્રક | ધેતેટધાગેન | |
| 2 | | | | |
| ધાત્રકધેતેટ | ગીનતીનાકીના | ધાऽऽऽऽ | ધેતેટધાગેન | |
| 0 | | | | |
| ધાગેનધાત્રક | ધેતેટધાગેન | ધાત્રકધેતેટ | ગીનતીતાકીના | ધા |
| 3 | | | | X |

## ત્રિતાલમાં બે મુખડા

**(1)**

| | | | | |
|---|---|---|---|---|
| ધા | ધીં | ધીં | ધા | |
| X | | | | |
| ધા | ધીં | ધીં | ધા | |
| 2 | | | | |
| ધા | તીં | તીં | તા | |
| 0 | | | | |
| તકતીંના | કીટતકતા-તીર | કીટતકતીરકીટ | તકતા-તીરકીટ | ધા |
| 3 | | | | X |

**(2)**

| | | | | |
|---|---|---|---|---|
| ધા | ધીં | ધીં | ધા | |
| X | | | | |
| ધા | ધીં | ધીં | ધા | |
| 2 | | | | |
| ધા | તીં | તીં | તા | |
| 0 | | | | |
| ધા-તીરકીટતક | તા-તીરકીટતક | તીરકીટતકતા- | તીરકીટધાતી | ધા |
| 3 | | | | X |

## ત્રિતાલમાં બે ટુકડા

(1)

| | | | | |
|---|---|---|---|---|
| ધાડધાડ | દીંડદીંડ | નાડનાડ | તીટતીટ | |
| X | | | | |
| કતીટધા | તીટકટ | ધાડકત | ધાડકત | |
| 2 | | | | |
| ધાડ1ડ | રડકત | ધાડકત | ધાડકત | |
| 0 | | | | |
| ધાડ1ડ | રડકત | ધાડકત | ધાડકત | ધા |
| 3 | | | | X |

**(2)**

| | | | | |
|---|---|---|---|---|
| ધેતધેત | તીટતીટ | તીટતીટ | ધીડતીટ | |
| X | | | | |
| કતીટધા | ડનધાડ | તીટકતા | ગદીગન | |
| 2 | | | | |
| કતધાડ | નધાડન | ધાડડડ | કતધાડ | |
| 0 | | | | |
| નધાડન | ધાડડડ | કતધાડ | નધાડન | ધા |
| 3 | | | | X |

## ત્રિતાલમાં બે રેલા

(1)

| | | | | |
|---|---|---|---|---|
| ધાડતીર | કીટતક | ધીરધીર | કીટતક | |
| X | | | | |
| ધાડતીર | કીટતક | તાડતીર | કીટતક | |
| 2 | | | | |
| તાડતીર | કીટતક | તીરતીર | કીટતક | |
| 0 | | | | |
| ધાડતીર | કીટતક | ધાડતીર | કીટતક | ધા |
| 3 | | | | X |

### ત્રિતાલમાં રેલા નં. 2

| | | | | |
|---|---|---|---|---|
| ધાડતીર | કીટતક | તીરકીટ | ધાડતીટ | |
| X | | | | |
| કીટતક | ધાડતીર | કીટતક | તીરકીટ | |
| 2 | | | | |
| તાડતીર | કીટતક | તીરકીટ | તાડતીર | |
| 0 | | | | |
| કીટતક | ધાડતીર | કીટતક | તીરકીટ | ધા |
| 3 | | | | X |

### ત્રિતાલમાં એક ચક્રધાર

| | | | | |
|---|---|---|---|---|
| ધાડધાડ | દીંડદીંડ | નાડનાડ | તીટતીટ | |
| X | | | | |
| કતીટધા | તીટકત | કતીટધા | તીટકત | |
| 2 | | | | |
| કતીટધા | તીટકત | ધા | ધાડધાડ | |
| 0 | | | | |
| દીંડદીંડ | નાડનાડ | તીટતીટ | કતીટધા | |
| 3 | | | | |
| તીટકત | કતીટધા | તીટકત | કતીટધા | |
| X | | | | |
| તીટકત | ધા | ધાડધાડ | દીંડદીંડ | |
| 2 | | | | |
| નાડનાડ | તીટતીટ | કતીટધા | તીટકત | |
| 0 | | | | |
| કતીટધા | તીટકત | કતીટધા | તીટકત | ધા |
| 3 | | | | X |

### સ્વાધ્યાય

**1. જવાબ લખો :**

(1) ત્રિતાલમાં તિસ્રજાતિનો કાયદો લખો.

(2) ત્રિતાલમાં મુખડું લિપિબદ્ધ કરો.

(3) ત્રિતાલમાં ચક્રદાર લિપિબદ્ધ કરો.

(4) ત્રિતાલમાં ટુકડો લિપિબદ્ધ કરો.

●

# 3 તાલ-એકતાલનું વાદન

**પ્રસ્તાવના**

તાલ એકતાલમાં કાયદાનું સ્વરૂપ કેવું હોય તેની સમજ આ એકમમાં આપેલ કાયદા દ્વારા પ્રાપ્ત થશે અને કાયદાને વિવિધ પ્રકારે કેવી રીતે વગાડવા તેની જાણકારી વિવિધ પલટા દ્વારા પ્રાપ્ત થશે. કાયદાને પૂર્ણ કરતી વખતે શું કરવું તેની જાણકારી તિહાઈ દ્વારા વિદ્યાર્થી મેળવશે. નાના બોલનો ઉપયોગ કરી સમ પર કેવી રીતે આવવું તેની માહિતી મુખડા દ્વારા પ્રાપ્ત થશે.

---

એકતાલમાં એક કાયદો ત્રણ પલટા તિહાઈ સાથે, બે મુખડા, બે ટુકડા વગાડવાની ક્ષમતા.

## તાલ એકતાલ

**મૂળ લયમાં**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગીના | તીટ | ગીના | ધાગે | ધિંના | ગિના | ધાતિ | ટધા | ગેના | ધાગે | તિંના | કિના | |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | 1 |
| કિના | તિટ | કીના | તાકે | તિંના | કિના | ધાતિ | ટધા | ગેના | ધાગે | ધિંના | ગીના | ધીં |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

**કાયદો દુગુન લયમાં**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ગીનાતીટ | ગીનાધાગે | ધિંનાગીના | ધાતીટધા | ગેનાધાગે | તિંનાકિના | |
| X | | 0 | | 2 | | 1 |
| કિનાતીટ | કિનાતાકે | તિંનાકિના | ધાતીટધા | ગેનાધાગે | ધિંનાગીના | ધીં |
| 0 | | 3 | | 4 | | X |

**પલટો 1**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગીનાતીટ | ગીનાધાગે | ધિંનાગીના | ગીનાતીટ | ગીનાધાગે | ધિંનાગીના |
| X | | 0 | | 2 | |
| ગીનાતીટ | ગીનાધાગે | ધિંનાગીના | ધાતીટધા | ગેનાધાગે | તિંનાકીંના |
| 0 | | 3 | | 4 | |
| કિનાતીટ | કિનાતાકે | તિંનાકિના | કિનાતિટ | કિંનાતાકે | તિંનાકિંના |
| X | | 0 | | 2 | |
| ગિનાતિટ | ગીનાધાગે | ધિંનાગીના | ધાતીટધા | ગેનાધાગે | ધિંનાગીના |
| 0 | | 3 | | 4 | |

**પલટો 2**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગીનાતીટ | ગીનાધાગે | ધિંનાગીના | ધાતીટધા | ગેનાધાગે | ધિંનાગીના |
| X | | 0 | | 2 | |
| ધાતીટધા | ગેનાધાગે | ધિંનાગીના | ધાતીટધા | ગેનાધાગે | તિંનાકિના |
| 0 | | 3 | | 4 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કિનાતિટ | કિનાતાકે | તિંનાકિના | તાતીટતા | કેનાતાકે | તિંનાકિના |
| X | | 0 | | 2 | |
| ધાતીટધા | ગેનાધાગે | ધિંનાગીના | ધાતીટધા | ગેનાધાગે | ધિંનાગીના |
| 0 | | 3 | | 4 | |

**પલટો 3**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગિનાતિટ | ગેનાધાગે | ધિંનાગીના | ધાતીટધા | ગેનાધાગે | ધિંનાગીના |
| X | | 0 | | 2 | |
| તિટતિટ | ગેનાધાગે | ધિંનાગીના | ધાતીટઘા | ગેનાધાગે | તિંનાકિના |
| 0 | | 3 | | 4 | |
| કિનાતિટ | કિનાતાકે | તિંનાકિના | તાતીટતા | કેનાતાકે | તિંનાકિના |
| X | | 0 | | 2 | |
| તિટતિટ | ગેનાધાગે | ધિંનાગીના | ધાતીરધા | ગેનાઘાગે | ધિંનાગીના |
| 0 | | 3 | | 4 | |

**તિહાઈ-1**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ગિનાતિટ | ગેનાધાગે | ધિંનાગીના | ઘા---- | --ગિના | તિટગિના | |
| X | | 0 | | 2 | | |
| ધાગેધિના | ગિનાઘાડ | ડડડડ | ગિનાતિટ | ગિનાધાગે | ધિંનાગીના | ધીં |
| 0 | | 3 | | 4 | | X |

**તિહાઈ-2**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ગિનાતિટ | ગેનાધાગે | ધિંનાગીના | ધાતીટધા | ગેનાધાગે | ધિંનાગીના | |
| X | | 0 | | 2 | | |
| ધાડડડ | ગેનાધાગે | ધિંનાગીના | ધાડડડ | ગેનાધાગે | ધિંનાગીના | ધી |
| 0 | | 3 | | 4 | | X |

**મુખડા-1**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધીં | ધીં | ધાગે | તિરકિટ | તૂં | ના | ક | ત્તા | તિરકિટ | તકતા | તિરકિટ | ધાતી | ધીં |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

**મુખડા-2**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધીં | ધીં | ધાગે | તિરકિટ | તૂં | ના | તિરકિટ | તકતા | તિરકિટ | ધાતિ | ધાડ | ધાતિ | ધી |
| X | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | X |

**ટુકડા-1**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કત્તતિટ | ઘેઘેતિટ | કતકત | ઘેઘેતિટ | કતઘેઘે | તિટકત | ધાડકત્ત | ધાડડડ । |
| X | | 0 | | 2 | | 0 | |
| ડડધાડ | કતધાડ | ડડડડ | ધાડકત | ધીં | | | |
| 3 | | 4 | | X | | | |

**ટુકડા-2**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધાતીટધા | તિટધાધા | તિટકધા | તિટધાગે | દિંડદિંડ | નગનગ | તૂંનાકિટતક | કતધાડ |
| X | | 0 | | 2 | | 0 | |
| નધાડન | ધાડનધા | ડનધાડ | નધાડન | ધીં | | | |
| 3 | | 4 | | X | | | |

**સ્વાધ્યાય**

**1. જવાબ લખો :**

(1) એકતાલ લિપિબદ્ધ કરી તેની દુગુન લિપિબદ્ધ કરો.

(2) એકતાલમાં એક કાયદો લિપિબદ્ધ કરો.

(3) એકતાલમાં એક ટુકડો લિપિબદ્ધ કરો.

(4) એકતાલમાં એક મુખડો લિપિબદ્ધ કરો.

(5) એકતાલમાં એક કાયદો જાતે બનાવી લખો.

(6) એકતાલમાં બે ટુકડા જાતે બનાવો.

(7) એકતાલમાં બે માત્રાના બે મુખડા લખો.

•

| 4 | લગ્ગી |
|---|---|

**પ્રસ્તાવના**

સંગીતમાં શાસ્ત્રીય સંગીત અને ઉપશાસ્ત્રીય સંગીત એવા બે વિભાગ જોવા મળે છે. શાસ્ત્રીય સંગીતમાં વગાડવામાં તાલ અને ઉપશાસ્ત્રીય સંગીતમાં વગાડવામાં આવતા તાલમાં ભિન્નતા જોવા મળે છે. શાસ્ત્રીય સંગીતમાં ત્રિતાલ, એકતાલ, ઝપતાલ, રૂપક, આડાચૌતાલ વગેરે તાલોનો પ્રયોગ થાય છે. જ્યારે ઉપશાસ્ત્રીય સંગીત માં દાદારા, કહરવા, દીપચંદી, ધૂમાળી, વગેરે તાલોનો પ્રયોગ થાય છે. ઉપશાસ્ત્રીય સંગીતમાં ગવાતી ગાયનશૈલી મુખ્યત્વે આવે છે ત્યારે આ ગાયનશૈલીમાં વગાડવામાં આવતા તાલને વિશિષ્ટ રીતે રજૂ કરવા માટે વિવિધ બોલોના સહાયથી તાલના પ્રકાર અને લગ્ગીઓનો પ્રયોગ કરવામાં આવે છે.

---

તાલ કહરવા અને દાદરામાં બે પ્રકાર અને બે લગ્ગી વગાડવાનું જ્ઞાન

**તાલ-કહરવા**

માત્રા-8, ખંડ-2, તાલી-1 ખાલી-5 માત્રાપર જાતિ-ચતુસ્ત્ર બાજ-બંધબાજ

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|
| ધા | ગે | ના | તીં | ના | કે | ધીં | ના | ધા |
| X | | | | 0 | | | | X |

**પ્રકાર**

| | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | ધા | ધાગે | ના | નાતીં | ના | નાકે | ધીં | નાના | ધા |
| | X | | | | 0 | | | | X |
| (2) | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
| | ધા | તિરકિટ | ધાગે | નાતીં | ના | તિરકિટ | ધાગે | ધીંના | ધા |
| | X | | | | 0 | | | | X |

**લગ્ગી-**

| | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | ધાગે | નધા | તિરકિટ | તીંના | તાકે | નધા | તિરકિટ | ધેના | ધા |
| | X | | | | 0 | | | | X |
| (2) | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
| | ધાતી | ધાગે | તીંના | કીંના | તાતી | ધાગે | ધીના | ગીના | ધા |
| | X | | | | 0 | | | | X |

**તાલ-દાદરા**

માત્રા-6 ખંડ-2, તાલી-1, ખાલી-4 માત્રાપર જાતિ-તિસ્ત્ર બાજ-બંધબાજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
| ધા | ધીં | ના | ધા | તીં | ના | ધા |
| X | | | 0 | | | X |

**પ્રકાર-**

(1)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
| ધા | ધીં | નાના | ધા | તીં | નાના | ધા |
| X | | | 0 | | | X |

(2)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
| ધા-તિરકિટ | ધીંધીં | નાના | તા-તિરકિટ | ધીંધીં | નાના | ધા |
| X | | | 0 | | | X |

**લગ્ગી-**

(1)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
| ધાગે | તીંના | કીંના | તાકે | ધીંના | ગીના | ધા |
| X | | | 0 | | | X |

(2)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
| ધાગે | ધીંના | તિરકિટ | તાકે | ધીંના | તિરકિટ | ધા |
| X | | | 0 | | | X |

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) તાલ કહરવાની સંપૂર્ણ જાણકારી આપો.

(2) તાલ દાદરાની લગ્ગીને લિપિબદ્ધ કરો.

(3) તાલ-કહરવાના એક પ્રકારને લિપિબદ્ધ કરો.

(4) તાલ-દાદરાની સંપૂર્ણ જાણકારી આપો.

**2. સાચા જવાબ સામે ✔ ટીક કરો :**

(1) ઉપશાસ્ત્રીય સંગીતમાં કયો તાલ વગાડવામાં આવે છે ?

(A) એકતાલ (B) ઝપતાલ (C) દાદરા (D) ચૌતાલ

(2) શાસ્ત્રીય સંગીતમાં કયા તાલનો ઉપયોગ વધુ થાય છે ?

(A) દાદરા (B) કહરવા (C) એકતાલ (D) દિપચંદી

(3) કહરવા તાલમાં શું વગાડવામાં આવે છે ?

(A) કાયદા (B) લગ્ગી (C) તિહાઈ (D) પરન

•

# 5 બોલ નિકાસ

**પ્રસ્તાવના**

તબલાના વિદ્યાર્થીઓને તબલાના વિવિધ વર્ણોની જાણકારી હોવી અત્યંત જરૂરી છે. તબલા પર બધા જ વર્ણો કઈ આંગળીથી કેવી રીતે વગાડવામાં આવે છે તેની જાણકારી વિદ્યાર્થી આ એકમ દ્વારા મેળવશે. તેમજ અંગળીઓના નામ જેવા કે તર્જની, મધ્યમમા, અનામિકા, કનિષ્ઠિકા, અંગુષ્ઠની જાણકારી પણ મેળવશે. દરેક બોલ તબલા પર અલગ અલગ આંગળીથી વગાડવામાં આવે છે એટલે આંગળીનું મહત્ત્વ સમજાશે. વિવિધ બોલોની જાણકારી આ એકમ દ્વારા પ્રાપ્ત થશે.

---

**(1) તા તિંના કિટતક તા.**

તા - તર્જની થી કિનાર ઉપર નીકળશે.

તિં - તર્જની થી સ્યાહી ઉપર નીકળશે.

ના - તર્જની થી કિનાર ઉપર નીકળશે.

કિ - બાંયા ઉપર ખુલ્લા પંજાથી આઘાત કરવાથી નીકળશે

ટ - મધ્યમા થી તબલા ઉપર સ્યાહી ઉપર નીકળશે.

ત - તર્જની થી તબલા ઉપર સ્યાહી ઉપર નીકળશે.

ક - બાંયા ઉપર ખુલ્લા પંજાથી આઘાત કરવાથી નીકળશે.

તા - તર્જની થી તબલાની કિનાર ઉપર નીકળશે.

**(2) તીરકીટ તકતા તિરકિટ**

તી - તબલા ઉપર મધ્યમાથી સ્યાહી ઉપર આઘાત કરવાથી નીકળશે.

2 - તબલા ઉપર તર્જની થી સ્યાહી ઉપર આઘાત કરવાથી નીકળશે

કી - બાંયા ઉપર ખુલ્લા પંજાથી આઘાત કરવાથી નીકળશે.

ટ - તબલા ઉપર મધ્યમાંથી સ્યાહી ઉપર આઘાત કરવાથી નીકળશે.

ત - તર્જની થી સ્યાહી ઉપર આધાત કરવાથી નીકળશે.

ક - બાંયા ઉપર ખુલ્લા પંજાથી આઘાત કરવાથી નીકળશે.

તા - કિનાર ઉપર (તબલાની) તર્જની થી આઘાત કરવાથી નીકળશે.

- **તીરકીટ-ઉપર મુજબ રહેશે.**

**(3) નગધેત્ઘેટિત-**

ન - તબલાની કિનાર ઉપર તર્જની થી આઘાત કરવાથી નીકળશે

ગ - બાંયા ઉપર મધ્યમા તથા અનામિકા દ્વારા આઘાત કરવાથી નીકળશે.

ધેત્ - તબલા ઉપર અંગૂઠા સિવાયની ચારે આંગળીઓનો સ્યાહી ઉપર આઘાત કરવાનો તથા બાંયા ઉપર મધ્યમા અને અનામિકા દ્વારા નીકળશે.

ઘે - તર્જની થી સ્યાહી ઉપર આઘાત કરવાથી તબલામાંથી ઉત્પન્ન જે બંધ અવાજ થાય છે તેને 'ધે' કહેવાશે.

ટિ - તબલા ઉપર સ્યાહીના ભાગે મધ્યમા થી ઉત્પન્ન થશે.

ત - તબલા ઉપર સ્યાહીના ભાગે તર્જની થી ઉત્પન્ન થશે.

**(4) કડધેતીટ ધાગેતિટ-**

ક - બાંયા ઉપર ખુલ્લા પંજાથી આઘાત કરવાથી નીકળશે.

ડ - તબલા ઉપર સ્યાહીની કિનારે અનામિકા દ્વારા નીકળશે.

ધે - તબલા ઉપર તર્જનીથી સ્યાહી ઉપર આઘાત કરવાથી ઉત્પન્ન થશે.

તી - તબલા ઉપર મધ્યમાથી સ્યાહી ઉપર આઘાત કરવાથી ઉત્પન્ન થશે.

ટ - તબલા ઉપર તર્જનીથી સ્યાહી ઉપર આઘાત કરવાથી ઉત્પન્ન થશે.

ધા - તબલાની કિનાર ઉપર તર્જનીથી તથા બાંયા ઉપર મધ્યમા તથા અનામિકા દ્વારા સંયુક્ત રીતે વગાડતા ઉત્પન્ન થશે.

ગે - બાંયા ઉપર મધ્યમાંનો આઘાત દ્વારા નીકળશે.

તિ - મધ્યમાથી તબલા ઉપર સ્યાહીનાં ભાગે આઘાત કરવાથી ઉત્પન્ન થશે

ટ - તબલા ઉપર તર્જની થી સ્યાહી ઉપર આઘાત કરવાથી ઉત્પન્ન થશે.

## સ્વાધ્યાય

**1. સાચા જવાબ સામે ✔ ટીક કરો :**

(1) ''તા'' શબ્દ કઈ આંગળીથી વગાડવામાં આવે છે ?

(A) મધ્યમ (B) તર્જની (C) અનામિકા (D) કનિષ્ઠિકા

(2) ''તિ'' શબ્દ તબલા પર કઈ જગ્યાએ વગાડવામાં આવે છે ?

(A) કિનાર (B) લવ (C) સ્યાહી (D) મૈદાન

(3) ''ટ'' શબ્દ કઈ આંગળીથી વગાડવામાં આવે છે ?

(A) મધ્યમા (B) તર્જની (C) અનામિકા (D) કનિષ્ઠિકા

(4) ''ક'' શબ્દ કઈ આંગળીથી બાંયા પર વગાડવામાં આવે છે ?

(A) મધ્યમા (B) તર્જની (C) અનામિકા (D) હાથનો પૂરો પંજો

(5) ''ડ'' શબ્દ તબલા પર કઈ આંગળીથી વગાડવામાં આવે છે ?

(A) મધ્યમા (B) તર્જની (C) અનામિકા (D) કનિષ્ઠિકા

•

| 6 | વાદ્ય વર્ગીકરણ |
|---|---|

# 6 વાદ્ય વર્ગીકરણ

**પ્રસ્તાવના**

સંગીતના વિદ્યાર્થીઓને વાદ્ય વિભાગમાં આવતા વાદ્યોની માહિતી આ એકમથી પ્રાપ્ત થશે. વાદ્યના પ્રકારો જેવા કે તત્, વિતત્, ઘન, સુષિર, અવનદ્ય– આ પ્રકારો પ્રમાણે દરેક વાદ્યને મૂકવામાં આવે છે અને વાદ્યોની જાણકારી મળશે. તત્ વિતત્ વાદ્યો એટલે કે તારથી અવાજ ઉત્પન્ન થતાં વાદ્યો અંતર્ગત આવતા કયા ક્યા વાદ્યો છે તેની જાણકારી પ્રાપ્ત થશે. એવી જ રીતે ઘન વાદ્ય કેવી રીતે વાગે અને ક્યા ક્યા વાદ્યો આવે છે તેની માહિતી મેળવશે.એવી જ રીતે ફૂંકથી ઉત્પન્ન થતા સ્વર ક્યા વાદ્યમાંથી નીકળશે તેની જાણકારી મેળવશે. અને ચર્મથી મઢેલ વાદ્યોના અવનદ્ય પ્રકારમાં ક્યા વાદ્યો આવે છે તેની માહિતી આ એકમ દ્વારા પ્રાપ્ત થશે. આમ, ચારે પ્રકારના વાદ્યોની વિસ્તૃત માહિતી આ એકમ દ્વારા પ્રાપ્ત થશે.

આ એકમમાં વાદ્યના પ્રકારોની સાથે જે તે વાદ્યોમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરેલ કલાકારોના નામ પણ જાણવા મળશે જેથી વિદ્યાર્થીને વાદ્ય સાંભળતાં જ કલાકારોની સમજ પ્રાપ્ત થશે. વાદ્ય દ્વારા કલાકારોના યોગદાનની સમજ પ્રાપ્ત થશે. આમ, વાદ્ય વિભાગના વિદ્યાર્થીઓ વાદ્ય, વાદ્યના પ્રકાર અને વિવિધ કલા હસ્તગત કરનાર કલાકારોના નામની જાણકારી મેળવશે.

---

**વાદ્ય વર્ગીકરણ :**

ભારતીય વાદ્યોનાં પ્રકાર મુખ્યત્વે ચાર છે :

(1) તત્-વાદ્ય (2) સુષિરવાદ્ય

(3) અવનધ્ધવાદ્ય (4) ઘનવાદ્ય

**તત્-વિતત્વાદ્ય :**

તત્વાદ્યો એટલે એવા વાદ્યો કે જે તારથી ધ્વનિ ઉત્પન્ન કરી શકતા હોય અથવા તો તાર વાળા વાદ્યોને તત્તવાદ્ય કહેવાશે. તથા વિતત્વાદ્યમાં ગજના સહારાથી નાદ ઉત્પન્ન થાય તેને વિતત્વાદ્ય કહેવાય છે.

ઉદા- સિતાર, સરોદ, તાનપૂરા, મેન્ડોલિન, સારંગી, વાયોલિન વગેરે.

**સુષિરવાદ્ય :**

એટલે એવા વાદ્યો જે ફૂંક મારવાથી અથવા તો હવાનાં દબાણથી વાગતા હોય.

ઉદા- વાંસળી, હાર્મોનિયમ, શહેનાઈ, મોરલી, શંખ, પાવો, બ્યુગલ માઉથઓર્ગન વગેરે.

**અવનધ્ધવાદ્ય :**

એટલે એવા વાદ્યો જેનો ઉપરનો કે બાજુનો ભાગ સપાટ હોય અને ચર્મથી મઢેલા હોય.

ઉદા- તબલા-પખાવજ-ઢોલક,ઢોલ, નગારા, બોંગો, કોંગો, નાલ વગેરે.

**ઘનવાદ્ય :**

બે હાથના આઘાતથી ઉત્પન્ન થતા સ્વરવાદ્યને ઘન વાદ્ય કહેવામાં આવે છે, જે ધાતુનાં બનેલાં હોય છે.

ઉદા- મંજીરા, ઝાંઝ, કરતાલ, કાષ્ટતરંગ, જલતરંગ વગેરે.

•

| 7 | # સામાન્ય જ્ઞાન |
|---|---|

## વાદ્ય-વાદ્યકારો

**પ્રસ્તાવના**

સંગીતના વિદ્યાર્થીઓને વાદ્ય વિભાગમાં આવતા વાદ્યોની માહિતી આ એકમથી પ્રાપ્ત થશે. વાદ્યના પ્રકારો જેવા કે તત્, વિતત્, ઘન, સુષિર, અવનધ્ધ– આ પ્રકારો પ્રમાણે દરેક વાદ્યને મૂકવામાં આવે છે અને વાદ્યોની જાણકારી મળશે. તત્ વિતત્ વાદ્યો એટલે કે તારથી અવાજ ઉત્પન્ન થતાં વાદ્યો અંતર્ગત આવતા ક્યા ક્યા વાદ્યો છે તેની જાણકારી પ્રાપ્ત થશે. એવી જ રીતે ઘન વાદ્ય કેવી રીતે વાગે અને ક્યા ક્યા વાદ્યો આવે છે તેની માહિતી મેળવશે.એવી જ રીતે ફૂંકથી ઉત્પન્ન થતા સ્વર ક્યા વાદ્યમાંથી નીકળશે તેની જાણકારી મેળવશે. અને ચર્મથી મઢેલ વાદ્યોના અવનદ્ય પ્રકારમાં ક્યા વાદ્યો આવે છે તેની માહિતી આ એકમ દ્વારા પ્રાપ્ત થશે. આમ, ચારે પ્રકારના વાદ્યોની વિસ્તૃત માહિતી આ એકમ દ્વારા પ્રાપ્ત થશે.

આ એકમમાં વાદ્યના પ્રકારોની સાથે જે તે વાદ્યોમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરેલ કલાકારોના નામ પણ જાણવા મળશે જેથી વિદ્યાર્થીને વાદ્ય સાંભળતાં જ કલાકારોની સમજ પ્રાપ્ત થશે. વાદ્ય દ્વારા કલાકારોના યોગદાનની સમજ પ્રાપ્ત થશે. આમ, વાદ્ય વિભાગના વિદ્યાર્થીઓ વાદ્ય, વાદ્યના પ્રકાર અને વિવિધ કલા હસ્તગત કરનાર કલાકારોના નામની જાણકારી મેળવશે.

| **તત્વાદ્ય** | **મુખ્ય કલાકારો** |
|---|---|
| (1) સિતાર - | પં. રવિશંકર, પં.નિખિલ બેનર્જી, ઉ.વિલાયતખાં સાહેબ વગેરે |
| (2) સારંગી - | ઉ.સુલતાનખાંસાહેબ, પં.રામનારાયણજી |
| (3) વાયોલિન - | સુ. શ્રી. એન.રાજમ |
| (4) મોહનવીણા - | પં. વિશ્વમોહનભટ્ટ |

| **અવનધ્ધવાદ્ય** | **મુખ્ય કલાકારો** |
|---|---|
| (1) તબલા | ઉ.થીરકવાખાંસાહેબ, ઉ.મુનીરખાંસાહેબ, અમીરહુસેનખાંસાહેબ, ઉ.ઝાકીરહુસેન, પં કિશનમહારાજ, પં. અનોખેલાલ, પં. સામતા પ્રસાદજી, પં. સુરેશ તલવળકર. |
| (2) પખાવજ- | પં. કુદઉસિહજી, પં. નાનાપાનસે, પં. લાલાભવાનીદાસજી |
| (3) ઢોલક- | ઉ.ખબ્બેહુસેન ઢોલકિયા |
| ઘનવાદ્ય- | એક સાથ સંગત માટે વપરાતું વાદ્ય બની રહે છે. આથી ઘણાબધા કલાકારો ઘનવાદ્ય વગાડતા હોય છે. |

| ● **સુષિરવાદ્ય-** | **મુખ્ય કલાકારો** |
|---|---|
| (1) વાંસળી- | પં. પન્નાલાલ ઘોષ, પં.હરિપ્રસાદ ચોરસિયા, પં. રોનું મજમુદાર., પં. રઘુનાથ શેઠ |
| (2) શહેનાઈ- | ઉ.બિસ્મિલ્લાંખાન |

### સ્વાધ્યાય

1. **જવાબ લખો :**

(1) ભારતીય વાદ્યોના પ્રકાર જણાવી તેને ઉદાહરણ સહિત જણાવો.

(2) સુષિરવાદ્યનાં કોઈ પણ બે પ્રમુખ કલાકારોનાં નામ આપો.

(3) અવનધ્ધવાદ્યનાં બે પ્રમુખ કલાકારોનાં નામ આપો .

(4) મોહનવીણાનાં વાદક કલાકારનું નામ આપો.

● ● ●